સરકારી કેળવણી ખાતામાં મંજુર થએલી:

કરાચી જિલ્લાની
ભૂગોળ

સિંધ પ્રાંતના સામાન્ય વર્ણન સાથે

લેખકો:

ધીરજલાલ અમૃતલાલ ભટ્ટ.

હેડમાસ્તર મેઇનસ્કૂલ, રાણપુર.

અને

પુરુષોત્તમ અમૃતલાલ ભટ્ટ.

હેડમાસ્તર, મ્યુનિસિપલ સ્કૂલ-કરાચી.

ચાર આના

સરકારી કેળવણી ખાતામાં મંજુર થએલી:

કરાચી જિલ્લાની ભૂગોળ

સિંધ પ્રાંતના સામાન્ય વર્ણન સાથે

લેખકો:

ધીરજલાલ અમૃતલાલ ભટ્ટ
હેડમાસ્તર મેઇન સ્કૂલ-રાણપુર.

અને

પુરુષોત્તમ અમૃતલાલ ભટ્ટ
હેડમાસ્તર, મ્યુનિસિપલ સ્કૂલ—કરાચી.

: પ્રકાશક :
દામોદર ડી. ભટ્ટ

ચાર આના.

પ્રસ્તાવના

ભૂગોળશિક્ષણના દૃષ્ટિબિન્દુમાં હમણાં ફેરફાર થયો છે. દેશની ભૂરચના, આબોહવા, વરસાદ, પર્વત, નદી, સમુદ્ર, રણ વગેરે નૈસર્ગિક સાધનોથી માનવ જીવન ઉપર શી અસર થાય છે તે બતાવી, અવલોકન, અનુમાન અને વિચારશક્તિદ્વારા બાળકોમાં જિજ્ઞાસા ઉત્પન્ન કરવી એ ભૂગોળશિક્ષણનો હેતુ ઠર્યો છે. શિક્ષકબન્ધુઓને એ હેતુ લક્ષમાં રાખી શિક્ષણ આપવામાં આ ચોપડી માર્ગદર્શક થશે, એવી આશા છે.

બાળકોમાં જેમ જિજ્ઞાસા હોય છે, તેમ પ્રશ્નો પૂછવાની બુદ્ધિ પણ હોય છે. દરેક બાબત શા કારણથી બને છે, એવો પ્રશ્ન પૂછવાની તેને સહજ ટેવ હોય છે. બાળમાનસની આ ટેવ ધ્યાનમાં લઈ, કાર્ય-કારણનો સંબંધ જોડી, માનવજીવન સાથે સ્પર્શ કરતી ભૌગોલિક બાબતો આ ભૂગોળમાં રસિક રીતે આલેખેલી છે; છતાં તેમાંના દોષો માટે કોઈ શિક્ષકબન્ધુ સૂચના કરશે તો તે આભાર સાથે નવી આવૃત્તિમાં સુધારી લેવાશે.

—**લેખકો.**

થોડા જ સમયમાં **પાંચમી આવૃત્તિના** સુયોગ માટે પ્રભુનો આભાર માનવો ઘટે. કરાચીના શિક્ષકબન્ધુઓના ઉત્તેજનથી નકશા–ચિત્રો વગેરેમાં સુધારો કરવાનું બની શક્યું છે.

—**લેખકો.**

પહેલી આવૃત્તિ	૧૦૦૦	સને ૧૯૩૦
બીજી ,,	૨૦૦૦	,, ૧૯૩૧
ત્રીજી ,,	૨૦૦૦	,, ૧૯૩૪
ચોથી ,,	૨૦૦૦	,, ૧૯૩૭
પાંચમી ,,	૨૦૦૦	,, ૧૯૩૯

કરાચી જિલ્લાની ભૂગોળ

સામાન્ય વર્ણન

આપણે આપણા ગામની-શહેરની, તપાની અને તાલુકાની ભૂગોળ શીખ્યા. હવે આપણા તાલુકાની આસપાસ એવો જ બીજો મુલક આવેલો છે; તેમાં રહેનારા લોકોની રીતભાત, પહેરવેશ, ભાષા, ધર્મ, ખેતી વગેરે બાબતો જાણવાની આપણને જરૂર છે. તમે જાણો છો કે ઘણાં ગામ ભેગાં મળવાથી એક તાલુકો બને છે અને પાંચસાત તાલુકા મળી એક જિલ્લો થાય છે. આપણા જિલ્લાને કરાચી જિલ્લો કહે છે. આ જિલ્લો સિંધ પ્રાંતના નૈઋત્ય ભાગમાં આવેલો છે.

સીમા:-આપણા જિલ્લાની હદ જાણવા માટે કરાચી જિલ્લાના નકશા તરફ તમારે નજર ફેરવવી પડશે. ઉત્તરમાં જોઇએ તો દાદુ જિલ્લો આવેલો છે. પૂર્વમાં સિંધુ નદી અને હૈદ્રાબાદ જિલ્લો છે. દક્ષિણે અરબી સમુદ્ર અને કચ્છનું રણ આવેલાં છે અને પશ્ચિમે હાલા પર્વત તથા બલુચિસ્તાન છે. ઉત્તર તરફની પહાડી ટેકરીઓ અને બારનનંઇ દાદુ જિલ્લાને આ જિલ્લાથી જુદો પાડે છે. દક્ષિણુ તરફ દરિયાથી જિલ્લાની હદ બને છે; અને પશ્ચિમે હબ નદી આ જિલ્લાને બલુચિસ્તાનથી જુદો પાડે છે.

કુદરતી વિભાગ:—કુદરતી એટલે પોતાની મેળે બનેલા: કરાચી જિલ્લાના નકશા સામે જોતાં તમને જણાશે કે દક્ષિણમાં આવેલી સિંધુ નદી અને તેની જાળની પેઠે પથરાઈ રહેલી નહેરો કુદરતી રીતે કરાચી જિલ્લાના બે ભાગ પાડે છે. ઉત્તરનો


ભાગ પહાડી હોવાથી ઉંચો છે અને દક્ષિણનો ભાગ ઢાળ પડતો હોવાથી નીચો છે. આ નીચા ભાગમાં નદીઓ અને નહેરોનું પાણી ફરી વળવાથી જમીન ફળદ્રુપ થએલી છે. અને તે **લાડની જમીન** નામે ઓળખાય છે. જિલ્લાનો ઉત્તર તથા પશ્ચિમ ભાગ પહાડની ટેકરીઓવાળો છે અને તેનો ઢોળાવ દક્ષિણ તરફનો છે; તેથી અહીં વહેતી બધી નદીઓનું વહન ઉત્તરથી દક્ષિણ તરફનું છે. જ્યારે નદીઓમાં પૂર આવે છે, ત્યારે દક્ષિણના ભાગો ઉપર પાણી પથરાઈ રહે છે. સિંધુ નદીના કાંઠાઓ ઉપરનો મુલક તેના નામ ઉપરથી 'સિંધુ નદીનો પ્રદેશ' કહેવાય છે. આ ભાગ બહુ રસાળ છે.

દરિયાકાંઠાનો પ્રદેશ વધુ નીચાણવાળો હોવાથી તેની અંદર **ભરતી*** વખતે દરિયાનું પાણી ફરી વળે છે અને જમીનને ખારવાળી બનાવે છે. જાતિ તાલુકાના દક્ષિણ ભાગની અને શાહબંદર તાલુકાના પૂર્વ ભાગની જમીન આવી રીતે ખારવાળી બનેલી છે; તેથી તે 'ખારોપાટ' કહેવાય છે. ત્યાં ખેતી થઈ શકતી નથી; એટલે વસ્તી પણ એ ભાગમાં ઓછી છે.

રાજકીય વિભાગઃ—સરકારે રાજ્ય વ્યવસ્થાની સગવડ માટે પાડેલા ભાગોને રાજકીય વિભાગ કહે છે. કરાચી જિલ્લામાં એવા બે મુખ્ય વિભાગો છે. તે દરેકને સબડિવિઝન કહે છે. (૧) ઠઠ્ઠા સબડિવિઝન (૨) શાહબંદર સબડિવિઝન. આ બંને સબડિવિઝનોના તાલુકાઓ તથા મહાલો નીચે પ્રમાણે છે.

---

* દરિયાના પાણીની સપાટી ૨૫ કલાકમાં બે વાર ચઢે છે ને ઊતરે છે. પાણી ચઢે છે, તેને **ભરતી** કહે છે અને ઊતરે તેને **ઓટ** કહે છે. ભરતી આવવાનું કારણ પૃથ્વી ઉપર સૂર્ય તથા ચંદ્રનું ખેંચાણ છે.



(૧) **ઠઠ્ઠા સબડિવિઝનઃ**—ઠઠ્ઠા તાલુકો, કરાચી તાલુકો, મીરપુર સાકરા તાલુકો, ઘોડાબારી તાલુકો, અને કેટી બંદર મહાલ.

(૨) **શાહબંદર સબડિવિઝનઃ**—શાહબંદર તાલુકો, સુજાવલ તાલુકો, મીરપુર ભઠોરા તાલુકો અને જાતિ તાલુકો.

સબ ડિવિઝનના મોટા ભાગને તાલુકા અને નાના ભાગને **મહાલ** કહે છે.

પ્રશ્નો

કરાચી જિલ્લો ચારે દિશામાં કયા કયા ભાગો સાથે જોડાએલો છે ? લાડની જમીન કોને કહે છે ? કરાચી જિલ્લાના કુદરતી વિભાગો તથા રાજકીય વિભાગો નકશામાં દેખાડો. સિંધુ નદીનો પ્રદેશ કોને કહે છે? અને એવું નામ શાથી પડયું છે? કરાચી જિલ્લાનો ઢોળાવ કઈ દિશા તરફ છે? નીચેનાં વાકયમાં ખાલી જગા પૂરો:—(૧) સબડિવિઝનના મોટા ભાગને......અને નાના ભાગને.........કહે છે.

પર્વતો:—પર્વતો માણુસને બહુ ઉપયોગના છે. તેમાંથી નાની મોટી અનેક નદીઓ નીકળે છે. ઉંચા પહાડો વાદળાંઓને અટકાવી વરસાદ લાવવામાં મદદ કરે છે. તેની ખીણોમાં પુષ્કળ ઝાડ થાય છે અને તેનાં લાકડાં બાળવાના તથા ઇમારત બાંધવાના કામમાં આવે છે. પહાડો ઉપર જુદી જુદી જાતની વનસ્પતિ ઉગે છે, તેમાંની ઘણી વનસ્પતિ દવાના કામમાં આવે છે. જે પર્વત ઉપર ઝાડ હોતાં નથી તે **બોડા** પર્વત કહેવાય છે. પર્વતોમાંથી જુદી જુદી જાતના પથ્થરો તથા જુદી જુદી જાતની ધાતુઓ નીકળે છે. પર્વતની ટોચને **શિખર** કહે છે. એ શિખરો ઉપર કેટલેક ઠેકાણે દેવદેવીઓનાં મંદિરો હોવાથી લોકો જાત્રા કરવા જાય છે. પર્વતની ટોચે હવા બહુ ચોખ્ખી હોવાથી પૈસાદાર માણુસો ત્યાં બંગલા બંધાવી ઉનાળાના વખતમાં રહે છે. ઉંચા પર્વત ઉપર બરફ રહે છે તે પીગળવાથી ઉનાળામાં પણુ નદીઓમાં પૂર આવે છે.

કરાચી જિલ્લાની પશ્ચિમ સરહદે અને ઉત્તર સરહદે પહાડો આવેલા છે. તેમાં મુખ્ય **પબપહાડની** ટેકરીઓ છે. તે ટેકરીઓની હારો લગભગ ૧૫૦ માઇલ લાંબી છે. આ

પહાડની વચ્ચે આવેલી ખીણોમાં વરસાદના પાણીને લીધે પુષ્કળ ઘાસચારો ઉગે છે.

જિલ્લાની સરહદ ઉપર કોટ્રીથી ઝરખ સુધી નાની નાની ટેકરીઓની હારો આવેલી છે. ઝરખ એક ટેકરી ઉપર વસેલું હોવાથી તેની હવા સારી ગણાય છે.

ઠઠ્ઠા પાસે મકલીનો ઉંચો પ્રદેશ આવેલો છે. તેને લોકો **મકલીની ટેકરી** કહે છે; પરંતુ ખરી રીતે તે ટેકરી નથી, પણ ઉચ્ચ પ્રદેશજ છે. તેની ઉપર સવા લાખ પીરોની કબરો છે, તેમાંની કેટલીક કબરો આજે પણ સારી હાલતમાં છે. તે ઉપરનું કોતરકામ વખાણવા લાયક છે.

નદીઓ:—પહાડોમાંથી વહેતા પાણીના પ્રવાહને નદી કહે છે. નદી હંમેશા નીચાણ તરફ વહે છે. આ જિલ્લામાં **સિંધુ નદી** સૌથી મોટી નદી છે. તેનું મૂળ ઉત્તરમાં ઘણે દૂર આવેલા હિમાલય પર્વત ઉપર છે. એ પર્વતમાંથી નીકળતી બીજી નદીઓ-ગંગા, જમના-જેવી આ નદી પણ પવિત્ર મનાય છે. પહેલાંના ઋષિ-મુનિઓ સિંધુને કાંઠે વસી તપ કરતા હતા. આ નદી અરબી સમુદ્રને ઘણે ફાંટે મળે છે. તે ૧૮૦૦ માઇલ લાંબી અને લગભગ એક માઇલ પહોળી છે. તેના નામ ઉપરથી પ્રાંતનું નામ સિંધ પ્રાંત અને દેશનું નામ હિંદુસ્તાન પડયું છે. તેમાં વરસમાં બે વખત પૂર આવે છે. એક વાર ચોમાસામાં વરસાદને લીધે અને બીજી વાર હિમાલય ઉપરનો બરફ પિગળવાથી. આ નદીમાં બીજી ઘણી નદીઓનું પાણી આવી મળે છે, તેથી તેમાં બારે માસ પુષ્કળ પાણી રહે છે. લોકો તેને 'મીઠો મહેરામણ' કહે છે. સિંધુ નદીમાં કાયમ બહુ પાણી રહેતું હોવાથી તેમાંથી ઘણી નહેરો ખોદવામાં આવી છે અને તે નહેરો વાટે

એ પાણી આસપાસના મુલકમાં ખેતીના ઉપયોગ સારૂ લઇ જવામાં આવે છે. હાલમાં સક્કર પાસે સિંધુ નદીમાંથી આસપાસના પ્રદેશમાં પાણી લઇ જવા વાસ્તે એક મોટો બંધ બાંધવાનું કામ સરકાર તરફથી ઉપાડવામાં આવ્યું છે. એ બંધને **સકકરબેરેજ** કહે છે.

આ નદી વહેતો વહેતી જિલ્લાના દક્ષિણ ભાગમાં આવે છે, ત્યાં એના પાણીનો વેગ ધીમો પડી જાય છે; તેથી તેમાં ઘસડાઇ આવેલી માટી તથા કાંપ ત્યાં ઠરી જાય છે અને નવી જમીનો બને છે. આવી રીતે બનેલાં જમીનને **ડેલ્ટા** કહે છે. **કેટીબંદર મહાલ** એક ડેલ્ટા છે. તે સવાસો માઇલ લંબાઇના કિનારાનો ત્રિકોણાકાર પ્રદેશ છે. તેની જમીન ઘણી રસાળ છે. સિંધુ નદી તેની બન્ને બાજુએ થઇને બે ફાંટા વડે અરબી સમુદ્રને મળે છે.

હુબ નદી:—આ નદીનું મૂળ બલુચિસ્તાનમાં છે. અને તે કરાંચી જિલ્લાની પશ્ચિમ સરહદ ઉપર થઇને વહે છે. આ નદીમાં ઘણા ખાડા છે અને તેમાં કાયમને માટે પાણી ભરાઇ રહે છે. આજથો લગભગ ૮૦ વરસ પહેલાં ખાનબહાદુર મુરાદખાને આ નદીમાં બંધ બાંધી તેનું પાણી ખેતીના કામમાં લેવા માટે ત્રણ લાખ રૂપીઆના ખર્ચે ૧૫ ફુટ ઉંચો અને ૮૦૦ ફુટ લાંબો એક બંધ બાંધ્યો હતો; પણ નદીમાં જબરૂં ઘોડાપૂર આવવાથી તે તરતજ તૂટી ગયો હતો.

તે સિવાય આ જિલ્લામાં કેટલીએક નાની નદીઓ છે. આ નદીઓ બહુ મોટી નથી, તેમજ તેઓ માત્ર ચોમાસામાંજ વહે છે. આવી બારે માસ ન વહેનારી નદીઓને સિંધમાં નંઇ કહે છે.

ભારન નંઈઃ—ઉત્તરના ઉંચા પ્રદેશમાંથી નીકળી સિંધુ નદીને મળે છે.

લ્યારી નંઈઃ—પશ્ચિમના ઉચ્ચ પ્રદેશમાંથી નીકળી કરાચી પાસે અરબી સમુદ્રને મળે છે.

મલીર નંઈઃ—મલીર પાસે થઇ **ગીસરી** આગળ અરબી સમુદ્રને મળે છે.

નહેરોઃ—આ જિલ્લામાં વરસાદ થોડો વરસે છે; તેથી ખેતરોને પાણી પૂરૂં પાડવા માટે ઘણી નહેરો ખોદાવવામાં આવી છે.

કેલરી નહેરઃ—ઠઠ્ઠા અને મીરપુરસાકરા તાલુકામાં વહે છે. તેના ઉપર ગુજો, નારેજા અને બાબરા ગામ છે.

ભગાર નહેરઃ—ઠઠ્ઠા અને મીરપુરસાકરા તાલુકામાં વહે છે. તેના ઉપર પીરપઠો, ગુલામલા, મીરપુરસાકરા, ટાંકા અને બુહારા ગામો છે.

હજામરો કે ઓચતો નહેરઃ—ઘોડાબારી તાલુકામાં ને કેટીબંદર મહાલમાં વહે છે.

ખાન્ટો નહેરઃ—શાહબંદર તાલુકામાં વહે છે. તેના ઉપર શાહબંદર, માછી અને ગુગડો ગામ છે.

સત્તા નહેરઃ—શાહબંદર તાલુકામાં વહે છે. તેના ઉપર લાંડીઓ, લાંઢી ને કોઢી ગામ છે.

પીંજારી નહેરઃ—સુજાવલ, મીરપુરભઠોરા અને જાતિ તાલુકામાં વહે છે. જાતિ તાલુકામાં આ નહેરને **ગુગડો** કહે

છે. તેના ઉપર મુગલભીમ, સુજાવલ, મીરપુરભઠોરા, દરો, બનો લાયકપુર, અટશાહ, બુઢ્ઢોટાલપુર, મુલા, બુહાર અને વાસુશાહ ગામો આવેલાં છે. આ નહેર કરાચી જિલ્લામાં સૌથી મોટી છે.

આ સિવાય **મહહ** અને **મુટની**, ફતેહવાહા અને મહમુદો-વાહા નામે નાની નહેરો છે; આ બધી નહેરો કરાચી જિલ્લાની ખેતીને આબાદ રાખે છે.

પ્રશ્નો

નકશામાં જોઇને કરાચી જિલ્લાના પહાડો બોલો. મકલી ટેકરી શાને માટે પ્રખ્યાત છે? નદીને અને પહાડોને શો સંબંધ છે? સિંધુ નદી કરાચી જિલ્લાને શો ફાયદો કરે છે? નકશામાં જોઇને સિંધુને મળનારી નદીઓનાં નામ બોલો. નદીઓ માણસને શું કામની છે? કેવી નદીઓમાંથી નહેરો ખોદાવી શકાય? નદીઓ અને નહેરોનો સંબંધ સમજાવો. આ જિલ્લામાં વધારે નહેરો હોવાનું શું કારણ છે? નીચેનાં વાકયોમાં ખાલી જગા પૂરોઃ–(૧) ઝાડપાન વગરના પર્વતને........કહે છે (૨) મકલી ટેકરી ઉપર...... ..કબરો છે.

ભૂમિ રચનાઃ—ભૂમિ એટલે જમીન : તેની રચના રેતી, કાદવ, મટોડી, કાંકરા, ધૂળ વગેરેથી થએલી છે. વરસાદ, પવન, ગરમી, ઠંડી વગેરે કુદરતી કારણોથી પર્વતો ઘસાય છે અને તેમાંથી છુટા પડેલા નાના પથરા, મરડીઆ, રેતી વગેરે નદી નાળાંના પાણીથી ઘસડાઇ જઈ, નીચાણવાળા ભાગમાં કાંપરૂપે ઠરી રહે છે. આવી કાંપવાળી જમીન ખેતીને માટે બહુ ઉપયોગી થઇ પડે છે. કરાચી જિલ્લાના મધ્ય અને દક્ષિણ

ભાગની કેટલીક જમીન આવી રીતે બનેલી છે. તે ઘણે ભાગે કાળી અને ગોરાડુ છે.

સિંધુ નદી ઉંચા પ્રદેશ ઉપરથી નીચા પ્રદેશ ઉપર વહે છે. એટલે તેના પાણીના વેગથી કેટલીક વખત જમીન ખોદાઈ જાય છે અને કાંઠા ઉપરનાં ગામોને નુકસાન થાય છે. કેટલાક સમયથી આ નદીનો પ્રવાહ પશ્ચિમ તરફ બદલાતો જાય છે, તેથી પૂર્વના ભાગોની ભૂમિરચનામાં ફેરફાર થયો છે.

આ જિલ્લાના પૂર્વ અને દક્ષિણ ભાગમાં નાનું મેદાન છે. એની નજીક રણનો પ્રદેશ હોવાથી તે રેતાળ છે. ઘણાં વર્ષ ઉપર એ મેદાનની જગાએ દરિયો હતો; પણ ધરતીકંપના× આંચકાથી તે જગા ઉંચી થઇ જવાને લીધે ત્યાંથી પાણી ખસી ગયું અને તે જમીન મેદાન જેવી થઈ રહી. કુદરતમાં ફેરફાર થયા જ કરે છે.

સરોવરો:—ધરતીકંપના આંચકાથી પૃથ્વી ઉપર કેટલીક જગાએ મોટા ખાડા પડી જાય છે; તેમાં વરસાદનું કે નદી-

---

× ધરતીકંપ એટલે ધરતીનું ધ્રૂજવું. આ પૃથ્વીમાં ઘણી ઉંડાઇએ સખત ગરમ રસ રહે છે. ખાણો, કૂવા વગેરે ખોદનારાઓને માલમ પડે છે કે જેમ જેમ તેઓ જમીનના પડમાં નીચે ઊતરતા જાય છે, તેમ તેમ ગરમીનું પ્રમાણ તેમને વધુ સમજાતું જાય છે. એ ગરમી જ્યારે બહાર નીકળવાનું બળ કરે છે, ત્યારે જમીનને ઉથલપાથલ કરી દે છે. કોઈ જગાએ જમીનમાં જબરા ખાડા પડી જાય છે, તો કોઈ જગાએ જમીન ઉંચી આવીને ટેકરો બની જાય છે. આવા ધરતીકંપથી બહુ નુકસાન થાય છે. જમીનને ગરમીના આંચકા લાગવાથી તેમાં ફાટ પડે છે અને તેથી ઘણાં ગામો નાશ પામે છે તથા સેંકડો પ્રાણીઓ માર્યાં જાય છે.

ઓનું પાણી ભરાઇ રહીને મોટાં સરોવરો બને છે. આ જિલ્લામાં મુખ્ય સરોવરો ત્રણ છે. (૧) **કંજોરી** (૨) **હાલેજી** અને (૩) **સોનારી.** આ ત્રણે સરોવરો ઠઠ્ઠા તાલુકામાં સિંધુ નદીની પાસે આવેલાં છે. જ્યારે નદીમાં પૂર આવે છે ત્યારે વહેળાઓ વાટે આ સરોવરો ભરાઇ જાય છે. આ સરોવરોને ઢંઢ કહે છે.

ઉના પાણીના કુંડ:—જમીનના પડની નીચે રહેલી સખત ગરમીને લીધે કોઇ કોઇ ઠેકાણાના ગરમ ખડકોમાંથી ઉના પાણીનાં ઝરણો ફુટી નીકળે છે. ચામડીના દર્દોવાળા માણસોને એ પાણીમાં નહાવાથી ફાયદો થાય છે. કરાચીની પાસે આવેલા **મગરપીરમાં** અને **જંપીરમાં** ઉના પાણીના કુંડ છે. આવા કુદરતી રીતે બનેલા ગરમ પાણીના કુંડ જોઇ આપણને ઇશ્વરની અદ્દભુત કળા તરફ માન પેદા થાય છે.

રણ:—કરાચી જિલ્લાના અગ્નિખુણામાં રેતીનું જે મેદાન છે, તે એક નાના રણ જેવું લાગે છે. રણમાં વનસ્પતિ હોતી નથી, તેમજ ખેતીને લાયક જમીન નહિ હોવાથી વસ્તી પણ વધુ હોતી નથી. જ્યાં જીંદગીની અનુકૂળતા ઓછી હોય ત્યાં વસ્તી ઓછી જ હોય. આ પ્રદેશમાં માણસો ઊંટ ઉપર મુસાફરી કરે છે. રણમાં જ્યારે સૂર્યનો તાપ પડે છે, ત્યારે ઉનાળામાં બપોરના વખતે મૃગ-જળ અથવા ઝાંઝવાનું પાણી દેખાય છે. એ પાણી જોઇને ભૂલાં પડેલાં હરણો, જનાવરો તથા મુસાફરો તે તરફ જવા લલચાય છે, પણ તેમાં ઠગાય છે. રણ માણસને ઉપયોગનાં નથી..

પ્રશ્નો


કરાચી જિલ્લાના દક્ષિણ ભાગની જમીન કેવી છે? એ જમીન શી રીતે બની છે? માણસને મેદાન શા ઉપયોગનું છે? પૃથ્વી ઉપર સરોવરો શી રીતે બને છે તે કહો. કરાચી જિલ્લાનાં સરોવરોમાં

ક્યાંથી પાણી આવે છે? કરાચી જિલ્લાના ઉના પાણીના ઝરણની જગાઓ નકશામાં બતાવો અને એ પાણીમાં શું ગુણ છે તે કહો. કરાચી જિલ્લાનો માટીનો નકશો બનાવો અને તેમાં ઉંચી નીચી જમીન બનાવો.

રસ્તાઓઃ—માણસ એક ગામથી બીજે ગામ ચાર રસ્તે જઇ શકે (૧) પગ રસ્તે, (૨) આગગાડીને રસ્તે (૩) દરિઆઇ રસ્તે, અને (૪) હવાઇ વિમાનને રસ્તે. કરાચી જિલ્લામાં વેપારને માટે અને વહેવારને માટે આ ચારે રસ્તાઓનો ઉપયોગ થઇ શકે છે.


પગ રસ્તોઃ—આ જિલ્લાના દક્ષિણ ભાગમાં રેલવે ન ન હોવાથી વેપાર તથા વહેવારનાં બધાં કામો પગ રસ્તે થઈ શકે છે. આવા પગ રસ્તા અહીં આઠ છે. (૧) કરાચીથી મલીર, પીંપરી, જુંગશાહી થઇ કોટ્રી જવાનો; (૨) કરાચીથી મલીર, ધારો, ગુલામલા, હસનશાહ, થઇ મુગલ ભીમ જવાનો; (૩) કરાચીથી મલીર, ધારો, મીરપુરસાકરા, બુહાર કોટ્રીઅલારખ્યો થઇ કેટી બંદર જવાનો; (૪) ઠઠ્ઠાથી ગુલામલા થઇ મીરપુરસાકરા જવાનો; (૫) શાહ બંદરથી સુજાવલ, મીરપુર ભઠોરા, ઝરખ થઇ કોટ્રી જવાનો; (૬) કરાચીથી મલીર, જુંગશાહી, ઠઠ્ઠા થઇ ઝરખ જવાનો; (૭) ઠઠ્ઠાથી ઝરખ થઇ કોટ્રી જવાનો; (૮) કરાચીથી સોનમીયાણી જવાનો. આ રસ્તાઓ ઉપર કેટલેક ઠેકાણે મોટરો ચાલે છે.

આગગાડીનો રસ્તોઃ—કરાચી જિલ્લામાં એન, ડબલ્યુ. રેલવે છે. એન. ડબલ્યુ. એટલે 'નોર્થ વેસ્ટર્ન રેલવે' અને તેનો ગુજરાતી અર્થ "ઉત્તર અને પશ્ચિમ તરફની રેલવે"



આ નકશામાં બોલારી સુધીનાં સ્ટેશનો કરાચી જિલ્લાનાં છે.

એવો થાય છે. આ રેલવે ઉત્તરમાં પંજાબ અને બલુચિસ્તાન તરફ જાય છે. માટે તે ઉત્તર રેલવે કહેવાય છે, અને હિન્દુસ્તાનની છેક પશ્ચિમ સરહદ ઉપર દોડતી હોવાથી પશ્ચિમ રેલવે એવું નામ પડયું છે. કરાચીથી બોલારી સુધી આ જિલ્લામાં આગગાડીને રસ્તે જઇ શકાય છે. ગુજરાત તથા મારવાડનો બધો વેપાર આ રસ્તે ચાલે છે.



[હવાઈ બંદરની નવી ઑફિસ કરાચી]

કરાચી જિલ્લાનાં રેલવે સ્ટેશનોઃ-કરાચી સીટી, કરાચી કેમ્પ, ડ્રીગરોડ, મલિર, લાંઢી, પીપરી, દાબેચી, રણુપીટાની, જુંગશાહી, જંપીર, મેટીંગ અને બોલારિ.

પહેલાંના વખતમાં જ્યારે રેલવેની સગવડ નહોતી ત્યારે વણઝારાઓ પોઠિયાઓની પીઠ ઉપર માલ લઈ જતા લાવતા, રસ્તામાં તેમને ઘણી ઘણી અડચણો પડતી, સમય બહુ લાગતો, ચોર લૂટારાની બીક રહેતી, નદીઓ ઉપર પૂલની સગવડ ન હોવાથી ચોમાસામાં મુસાફરી થઇ શકતી નહિ. સિંધુ નદીમાં હોડીઓ અને વહાણો ચાલતાં: પણ તેમને દરિયામાં લૂંટ કરનારા ચાંચીઆઓની બીક રહેતી. વળી પવન અનુકૂળ ન હોય ત્યારે એ વહાણો અટકી પડતાં. રેતાળ

દેશોનો વેપાર ઊંટથી ચાલતો; પણ તેમાં અડચણો નડતી. અંગ્રેજ સરકારનું રાજ્ય થયા પછી આ બધી અડચણો નાશ પામી છે. હાલ મોટાં શહેરોમાં જવા માટે આગગાડી થઇ છે. અને નાનાં ગામોના રસ્તાઓ પાકી સડકોથી બંધાવા લાગ્યા છે. નદી નાળાંઓ ઉપર પૂલો થયા છે, તથા *પતણની સગવડ થઇ છે. અને દરિયામાં મોટી આગબોટો ફર્યા કરે છે.

દરિયાઇ રસ્તો :—આ જિલ્લાની દક્ષિણે દરિયો આવેલો હોવાથી વેપારને સારી સગવડ મળી છે. **કરાચી બંદર**ના બારામાં દેશપરદેશથી મોટી આગબોટો આવે છે અને કરોડો રૂપીઆના માલનો વેપાર ચાલે છે.


સિંધુ નદીમાં ઘણે દૂર સુધી વહાણો ફરી શકે છે, તેથી જિલ્લાના મધ્ય ભાગનો કેટલોક વેપાર એ રસ્તે પણ ચાલે છે. સિંધુના કાંઠા ઉપર જે બાવળોનું જંગલ છે, તેનાં લાકડાં તે નદી વાટે વહાણમાં કોટ્રી બંદરે આવે છે અને ત્યાંથી રેલવે રસ્તે પરદેશ ચડે છે. કરાચીથી કેટી બંદર જવું હોય તો ગીસ્રી બંદરથી વહાણમાં બેસવું પડે છે.

હવાઇ માર્ગ :—આકાશમાં વિમાનવડે જે વહેવાર ચાલે તે હવાઇ માર્ગ કહેવાય. હાલમાં આ જિલ્લાનું કરાચી શહેર હવાઇ માર્ગનું મથક છે. વિલાયત-ઇંગ્લાંડથી હવાઇ માર્ગે કરાચી ટપાલ આવે છે. અને તેને માટે **દીગરોડનું** સ્ટેશન કરવામાં આવ્યું છે.

સમુદ્ર :—આ જિલ્લાની દક્ષિણ બાજુએ જે દરિયો

---

* પગરસ્તે જતાં જે ઠેકાણે સિંધુ નદી વહાણોમાં ઓળંગી શકાય તેને પતણ કહે છે. આ જિલ્લામાં કોટ્રી, ઠઠ્ઠા, કેટીબંદર અને ઝરખ પાસે પતણ છે.



છે, તેને **અરબી સમુદ્ર** કહે છે. તે આરબ લોકોના અરબસ્તાન દેશ સુધી ગએલો હોવાથી તેનું એ નામ પડયું છે. તેનું પાણી વરસાદના પાણી જેવું ચોખ્ખું નથી, તેમજ વજનમાં ભારે અને સ્વાદે ખારૂં છે. સમુદ્રને મળનારી નદીઓ જમીન ઉપરથી જે ખાર ખેંચી લાવે છે, તે દરીઆમાં એકઠો થયા કરે છે. સૂર્યના તાપથી પાણીની વરાળ થાય છે. તેમાં ચોખ્ખું પાણી જ વપરાઇ જાય છે. ખાર તો દરિયાને તળીએ જેમનો તેમ પડયો પડયો વધે છે અને તેથી જ અગરીઆઓ દરિયાનાં પાણીમાંથી મીઠું પકવે છે.

સમુદ્ર કિનારો :—અરબી સમુદ્રનો કરાચી જિલ્લાને લાગતો કિનારો ઘણો ખાંચાખુંચીવાળો તથા ઊંડો હોવાથી વેપારને ગણી સગવડતા મળે છે. કરાચી બંદરના બારામાં મોટી આગબોટો અને વહાણો સહેલાઇથી દાખલ થઇ શકે છે. નકશા સામે જોવાથી આ કિનારાની જમીનની પશ્ચિમ તરફની એક લાંબી અણી દરિયાના પાણીમાં ગએલી તમને જણાશે. એ જમીનની અણીને **માંઝભૂશિર** કહે છે.

બેટ :—માંઝભૂશિરથી થોડે દૂર કિનારા ઉપર **મહારી-પૂરના** મીઠાના અગરો આવેલા છે. અને તે પછી **મનોરાબેટ** આવે છે. કરાચી જિલ્લામાં આ એકજ બેટ છે. અંગ્રેજ સરકારનું લશ્કર પહેલવહેલું સિંધમાં દાખલ થતી વખતે આ બેટ ઉપર ઉતારવામાં આવ્યું હતું. તેમાં આગબોટો રીપેર કરવામાં આવે છે. એ બેટ ઉપર એક **દીવાદાંડી** છે. તેમાં દરરોજ રાત્રે દીવો કરવામાં આવે છે. રાત્રે દરિયામાં ફરતાં વહાણોને કિનારાનું ભાન રહે એટલા માટે એ દીવાની ગોઠવણ કરેલી હોય છે. દીવાદાંડી-



દીવાદાંડી

નો દીવો ફરતો રાખવામાં આવે છે. કારણ કે ખલાસીઓ તેને આકાશનો કોઈ સ્થિર તારો સમજી ભૂલાવામાં પડી જાય નહિ. વળી એ બેટમાં એક **બ્રેકવોટર*** અને મજબૂત કિલ્લો પણ છે.

આ સિવાય **બાબો** અને **બીટ** નામના નાના બેટો પણ કેમારીની નજીકમાં આવેલા છે.

---

* મનોરા બેટ પર આગબોટોની સહીસલામતી માટે પાણીનો જુસ્સો નરમ પાડવા દરિયામાં પથ્થરની એક મોટી દિવાલ બાંધી છે. તેને બ્રેકવોટર કહે છે.

ખાડીઓ :—કરાચી જિલ્લાનો દરિયા કિનારો ખાંચા ખૂંચીવાળો હોવાથી તેનું ખારૂં પાણી જમીનની અંદર આઘે સુધી જઇને નાના અખાત જેવું બને છે, તેને ખાડી કહે છે. મોટી નદીઓના મુખ આગળ કેટલેક ઠેકાણે આવી ખાડીઓ બનેલી હોય છે; પણ દર વર્ષે નદીઓનો કાંપ આવી આવીને ઠરવાથી તે ખાડીઓ પુરાતી જાય છે.

ગીજરીની ખાડી :— મલીર નદી દરિયાને મળે છે. ત્યાં મુખ આગળ આ ખાડી આવેલી છે. તેના ઉપર **ગીજરી** ગામ છે.

શીરખાડી :— પીંજારી નહેરના મુખ આગળ આ ખાડી છે. તેમાં ભરતી વખતે દરિયાનું પાણી ઘણે દૂર સુધી જાય છે.


કોરીખાડી :— શીરખાડીથી પૂર્વમાં આ ખાડી આવેલી છે. ત્યાં કરાચી જિલ્લાની હદ પૂરી થાય છે.

પ્રશ્નો

સમુદ્ર માણસને શું ઉપયોગનો છે? આ જિલ્લામાં કઇ રેલવે ચાલે છે? કરાચીથી રણપીટાની જતાં રસ્તામાં કયાં સ્ટેશનો આવે દરિયાને તળીએ ખાર કેવી રીતે વધતો જાય છે? કરાચી જિલ્લામ મીઠું કયાં પાકે છે? નકશામાં આ જિલ્લાની ભૂશિર બતાવો. દીવા દાંડી એટલે શું? શા માટે દીવાદાંડી રાખવામાં આવે છે? મનોર બેટ ઉપર શું શું જોવા જેવું છે? કરાચી જિલ્લાનો નકશો દોરી તેમાં કિનારા ઉપરની ખાડીઓ દોરો, અને તેની લંબાઇના પ્રમાણમ તે ખાડીઓને નંબરો આપો.


આબોહવા :— કોઇ પણ દેશની ભૂગોળ આપણે શીખતા હોઇએ, ત્યારે તે દેશનાં હવા–પાણી કેવાં છે તે આપણે જાણવું જોઇએ. આ જિલ્લાની પાસે દરિયો આવેલો

છે, તેથી દરિયા કિનારાના ભાગમાં હવા બહુ ભેજવાળી નહિ, તેમ બહુ ગરમ નહિ તેવી મધ્યમ છે. કિનારાથી દૂરના પ્રદેશમાં ઉનાળામાં વધારે ગરમી અને શિયાળામાં વધારે ઠંડી પડે છે. હવામાંની ગરમી તથા ભીનાશ ઉપર દેશના પાક, ખનીજ, જનાવરો, ઘાસચારો, માણસોની ટેવો વગેરેનો આધાર છે. કરાચી જિલ્લાની હવા સુકી હોવાથી અમદાવાદ કે મુંબઇના જેવી કાપડ વણવાની મીલો અહીં ઉભી થઇ શકતી નથી; કારણ કે લૂગડાં વણવામાં સુતરનો તાર તૂટે નહિ તે માટે હવામાં ભીનાશ હોવાની જરૂર છે; તે ભીનાશ અહીંની હવામાં મળતી નથી. અહીં તો સખત તાપ પડે છે.




ગરમીમાપક યંત્ર

દરેક ઠેકાણે કેટલો તાપ પડે છે, તે માપવાના યંત્રને ગરમીમાપકયંત્ર (થર્મોમિટર) કહે છે. કોઇ માણસને તાવ આવ્યો હોય, ત્યારે દાક્તર કાચની નળી જેવું યંત્ર દરદીની બગલમાં કે મોઢામાં મૂકીને તાવ માપે છે, તે યંત્રના જેવું હવામાંનો તાપ માપવાનું યંત્ર હોય છે. એ યંત્ર વડે સરકાર જુદી જુદી જગાએ પડતા તાપનું માપ લેવડાવે છે. અને હવામાં જુદે જુદે ઠેકાણે કેટલો તાપ પડે છે તે જાહેર કરે છે. આ જિલ્લાના મધ્ય ભાગમાં ઉનાળામાં ૧૧૫ ડિગ્રી તાપ પડે છે.



વરસાદઃ—માણુસની જીં-દગીનો આધાર વરસાદ ઉપર છે, તેથી વરસાદની હકીકત જાણુવાની જરૂર છે. ઉનાળામાં સખત તાપથી નદીઓ, સરોવરો અને સમુદ્રોના પાણીનો વરાળ થઇ ઉંચે ચઢે છે, તેની જગાએ દરિયાની ઠંડી, ભેજવાળી, ઘટ્ટ હવા ધસી આવે છે. એ ભેજવાળી હવાનાં વાદળાં બંધાય છે અને તે જેમ જેમ ઠંડાં પડે છે, તેમ તેમ વરસાદ રૂપે નીચે આવે છે.



વરસાદમાપક યંત્ર

[વરસાદ માપવાનું 'મેઝર']

આ જિલ્લામાં સાધારણુ રીતે વરસાદ થોડો થાય છે; કારણુ કે અહીંની ગરમ હવા વરસાદનાં વાંદળાને ઠંડાં પાડી શકતી નથી. જ્યાં મોટા પહાડો અને ઘીચ ઝાડી હોય, ત્યાં વરસાદ વધારે પડે એવો નિયમ છે. પરંતુ અહીં કોઈ એવો ઉંચો પહાડ નથી, તેથી અહીં વધારે વરસાદ થતો નથી. ઉત્તર કરતાં દક્ષિણુમાં વધારે વરસાદ થાય છે પણુ આ જિલ્લામાં સરેરાશ વધારે ૮ ઈંચ જ વરસાદ પડે છે. દરેક ઠેકાણે કેટલો વરસાદ પડે છે, તે માપવાનું એક યંત્ર હોય છે. એ યંત્ર વડે સરકાર જુદી જુદી જગાએ પડતા વરસાદનું માપ લેવડાવે છે.


જનાવરોઃ—દરેક જિલ્લામાં હવા પાણી, ટાઢ, તાપ, અને

બીજી રચના પ્રમાણે જનાવરો હોય છે. ગાય, ભેંશ, બળદ, ઘેટાં, બકરાં, ઘોડા, ઊંટ, ગધેડાં વગેરે જનાવરો અહીં સર્વ ઠેકાણે જોવામાં આવે છે. આ જિલ્લાના રેતાળ ભાગમાં ઊંટ અને ગધેડાં વિશેષ જોવામાં આવે છે. કેટીબંદર મહાલમાં ગાયો અને ભેંશોની છત વધારે છે.




વસ્તીમાં રહેતાં ઉપર જણાવેલાં જનાવરો સિવાય શિયાળ, સસલાં, હરણ, રોઝ વગેરે જનાવરો ખેતરમાં હોય છે અને તે પાકને નુકશાન કરે છે. તે ઉપરાંત જંગલોમાં જંગલી બિલાડા, શાહુડી, વણીએર વગેરે જનવારો કોઇ કોઇ ઠેકાણે હોય છે.

વસ્તી :—આ જિલ્લામાં સિંધીઓની, મુસલમાનોની, ગુજરાતીઓની, પારસીઓની, દક્ષિણીઓની, દેશી ખ્રિસ્તિ-



ઓની અને યુરોપીઅનોની વસ્તી છે. સિંધીઓમાં પેટાકોમો આવેલી છે; જેવી કે: સિંધી, પંજાબી, નસરપુરા, પુષ્કરણા બ્રાહ્મણ, સારસ્વતબ્રાહ્મણ, સિંધીવાણિયા, સાતા, બ્રહ્મ-ક્ષત્રિય, ભાઇબંધ, ઠઠ્ઠાઇઆમિલ, હૈદ્રાબાદીઆમિલ વગેરે. આ બધી કોમોમાં આમિલ કોમ કેળવણીમાં અને સુધારામાં વધારે આગળ પડતી છે.

પારસીઓની વસ્તી અહ   ડી છે; તેઓ હોંશિયાર, ચતુર, અને સાહસિક છે. અહીંના ભાટીઆઓ અને લુહાણાઓ વેપારમાં આગળ પડતા છે. મારવાડમાંથી વેપાર કરવા આવેલા મારવાડીઓ હિંમતવાળા ને કુશળ છે. વસ્તીનો પોણો ભાગ મુસલમાનોનો છે. ગુજરાત કાઠિયાવાડમાંથી જે લોકો



ધંધાનોકરી અર્થે આવી વસેલા છે, તેઓ પોતાના દેશની ભાષા, રીતરિવાજ અને પહેરવેશ રાખી રહ્યા છે. અહીંના બીજા હિંદુઓ મુસલમાનના જેવો પહેરવેશ પહેરે છે.

ભાષાઃ—આ જિલ્લાની સામાન્ય ભાષા સિંધી છે. તે ભાષાના મુખ્ય બે ભાગ પડી શકે છે. (૧) અરબી સિંધી (૨) વાણિયા સિંધી. તેમની લખવાની લિપિ જુદી છે. જ્યાં જ્યાં ગુજરાતીઓ વસેલા છે, ત્યાં ત્યાં ગુજરાતી ભાષા વપરાય છે. મુસલમાનો સાધારણ ઉર્દુ ભાષા વાપરે છે. દક્ષિણી લોકો પોતાની મરાઠી ભાષાનો ઉપયોગ કરે છે. મારવાડીઓ મારવાડી ભાષા વાપરે છે, કચ્છીઓ કચ્છી ભાષા બોલે છે, અને રાજકાજનાં કામોમાં અંગ્રેજી ભાષા વપરાય છે.

ધર્મઃ—મુખ્ય ધર્મ પાંચ છે (૧) હિંદુ, (૨) મુસલમાની, (૩) જરથોસ્તી, (૪) જૈન અને (૫) ખ્રિસ્તિ.

હિંદુ ધર્મઃ—આ ધર્મના ઘણા ફાંટા છે. તેમાં **શૈવ, વૈષ્ણવ, સ્વામિનારાયણ** વગેરે મુખ્ય છે.

મુસલમાની ધર્મઃ—આ ધર્મના સ્થાપનાર હજરત મહંમદ પેગંબર સાહેબ છે. તેમના ધર્મનું પુસ્તક **કુરાન** છે. તેમનામાં સિયા અને સુન્ની એવા ભાગ છે.

જરથોસ્તી ધર્મઃ—પારસીઓ આ ધર્મ પાળે છે. તેઓ મૂળ ઇરાન દેશના વતનીઓ છે. ત્યાંથી આણેલા પવિત્ર અગ્નિનું તેઓ પૂજન કરે છે. તેમના ધર્મમંદિરને અગીઆરિ કહે છે.

જન ધર્મઃ—શ્રાવક લોકો જૈન ધર્મ પાળે છે. તેમના રીતરિવાજ હિંદુઓ જેવા છે. આ ધર્મમાં જીવદયા મુખ્ય છે. તેમનામાં શ્વેતાંબરી, દીગંબરી એવા ભેદ છે.

ખ્રિસ્તિ ધર્મઃ—યુરોપીઅનો આ દેશમાં આવ્યા પછી

તેમના સંબંધમાં આવેલા કેટલાક માણસો ખ્રિસ્તિ ધર્મ પાળવા લાગ્યા છે. તેઓ જીસસ ક્રાઇસ્ટને માને છે. તેમનું ધર્મપુસ્તક બાઇબલ છે.


પ્રશ્નો

કરાચી જિલ્લાની હવા કેવી છે? શા માટે આ જિલ્લામાં લૂગડાં વણવાની મિલો થતી નથી? હવામાંનો તાપ શી રીતે જાણી શકાય છે? આ જિલ્લામાં વરસાદ થોડો પડે છે, તેનાં કારણો બોલો. કરાચી જીલ્લામાં ઊંટ અને ગધેડાં કેમ વધુ નજરે પડે છે? આ જિલ્લામાં કઇ કોમો આગળ પડતી છે? અહીં બોલાતી ભાષાઓ કાળા પાટિયા ઉપર લખો. આ જિલ્લાની વસ્તી કયા કયા ધર્મો પાળે છે? મુસલમાનોના ધર્મ પુસ્તનું નામ બોલો. ખ્રિસ્તિઓ કોને માને છે?

પેદાશ:—આ જિલ્લાની પેદાશના ચાર ભાગ પડી શકે: (૧) ખેતીની પેદાશ, (૨) જંગલની પેદાશ, (૩) દરીઆઇ પેદાશ અને (૪) ખનીજની પેદાશ.

ખેતીની પેદાશ:—આ જિલ્લામાં વરસાદ ઓછો હોવાથી ખેતીનો સઘળો આધાર નદીઓ અને નહેરોના પાણી ઉપર છે. સિંધુ નદીના કિનારા ઉપરના ભાગોમાં ચોખા, ઘઉં, બાજરી, શેરડી, કઠોળ વગેરે થાય છે. છેક દક્ષિણે દરિયા કિનારે નાળીએર થાય છે. કરાચી તાલુકામાં શાકભાજી અને ગરમ પ્રદેશ જેને માફક આવે એવો મેવો (કેળાં, નારંગી, દાડમ, અંજીર, તડબૂચ વગેરે) ઉત્પન્ન થાય છે. સુજાવલ તાલુકામાં નીચાણવાળી જમીનમાં ડાંગરનો પાક પુષ્કળ થાય છે. ડાંગરના પાકને ક્યારીની જમીન અને ગરમ તથા ભેજવાળી હવા જોઇએ તે અહીં મળે છે. એ ડાંગરના ચોખા રાતા થાય છે. પહાડી ભાગમાં ઘાસચારો ઘણો થાય છે, તેથી લોકો ઘેટાં તથા બકરાં ઉછેરે છે.

જંગલની પેદાશ:—સિંધુ નદીના જમણા અને ડાબા* કાંઠા ઉપર ચાર ચાર, પાંચ પાંચ માઇલ સુધી બાવળનાઝાડ નાં



* નદીના જમણા-ડાબા કાંઠાને ઓળખવાની એવી રીત છે કે નદીનું પાણી જે તરફ વહેતું હોય તે તરફ મોં કરીને નદી વચ્ચે ઊભા રહીએ તો જમણા હાથ તરફ જમણો કાંઠો અને ડાબા હાથ તરફ ડાબો કાંઠો કહેવાય છે. સિંધુને જમણે કાંઠે ઠઠ્ઠા તાલુકો, ઘોડાબારી તાલુકો અને કેટીબંદર મહાલ છે. અને ડાબે કાંઠે મીરપુર ભઠોરા, સુજાવલ, જાતી અને શાહબંદર તાલુકા છે.

મોટાં જંગલો આવેલાં છે. તેમાંથી લાકડાં અને કોલસાની પુષ્કળ પેદાશ થાય છે. એ બાવળના બીયાં ઢોરને ખવડાવવામાં આવે છે. તેની છાલ ચામડું કમાવવાના કામમાં વપરાય છે અને તેનાં પાંદડાં બકરાં તથા ઊંટ ખાય છે. લાકડાં તથા કોલસા પરદેશ ચડાવવામાં આવે છે. જંગલમાં લાખ તથા ગુંદર થાય છે. કેટીબંદર મહાલમાં ઘાસચારો ઘણો થાય છે, તેથી ત્યાં લોકો ભેંશો, ગાયો, વગેરે દૂધાળાં ઢોર પાળે છે. મકલી ટેકરી ઉપર વનસ્પતિ ઉગે છે. તેમાંથી કેટલીક વનસ્પતિ દવાઓના કામમાં આવે છે.

દરીઆઇ પેદાશઃ—આ જિલ્લામાં દરિયાના ખારા પાણીમાંથી મીઠાની પેદાશ થાય છે. **મહારીપુરમાં** મીઠાના અગરો છે, તેમજ પીજારી નહેરની શીરખાડીમાં ઘણે દૂર સુધી દરિયાનું પાણી જતું હોવાથી **શીદગંઢા** આગળ મીઠું પકવવામાં આવે છે.

ખનીજની પેદાશ :—કરાચી જિલ્લાના પશ્ચિમ ભાગની પહાડી ટેકરીઓમાંથી ફટકડી, તાંબુ અને ગંધક નીકળે છે; પણ તે બહુ થોડા પ્રમાણમાં નીકળતાં હોવાથી ખોદી કાઢવામાં આવતાં નથી.

હુન્નર ઉદ્યોગ :— આ જિલ્લાનો મુખ્ય ધંધો ખેતીનો છે. વસ્તીનો મોટો ભાગ ખેતી કરે છે. ગામડાંના લોકો ખેતી સાથે બીજા ધંધા પણ કરે છે. કેટલાક સુતરાઉ જાડું કાપડ વણીને પોતાનું ગુજરાન ચલાવે છે. કેટલેક ઠેકાણે લાકડા ઉપર અને ધાતુ ઉપર કોતરકામ થાય છે. આ જિલ્લામાં ચોખાની પેદાશ થાય છે; માટે ડાંગર ખાંડવાની નાની મિલો થઇ છે. મોટા શહેરોમાં લોટ દળવાની મિલો છે, તેમજ આ જિલ્લામાં તેલીબીયાંની નીપજ થતી હોવાથી કેટલેક ઠેકાણે તેલની મિલો પણ છે. દરિયા કાંઠે ખારવા લોકોની એક જાત છે, તે વહાણ ચલાવવાનો ધંધો કરે છે.

ઠઠ્ઠા શહેરમાં ફૂલોમાંથી અર્ક ખેંચવાનો હુન્નર ચાલે છે. તેમજ રેશમી લુંગીઓ, સુસી વગેરે હાથવણાટનું કામ અહીં સારૂં થાય છે. કોટ્રી તાલુકા તરફની આ જિલ્લાની હદમાં દારૂ બનાવવામાં આવે છે. મીરપુર ભઠોરામાં રંગનાં કારખાનાં છે. અને સંઘાડાઓ પોતાનો હુન્નર ચલાવે છે. અહીંનું લાખનું ઓપ કામ વખણાય છે. સને ૧૯૩૨માં કરાચીમાં **બાય ઇન્ડીયન લીગ** તરફના પ્રદર્શનમાં સિંધના હુન્નરોએ સારૂં ધ્યાન ખેંચ્યું હતું. આ જિલ્લામાં શેતરંજી વણવાનું, સાદડીઓ બનાવવાનું અને માટીનાં સારી કારીગરીવાળાં વાસણો ઘડવાનું કામ થાય છે. જાતી તાલુકામાં લોકો ઘેટાં તથા બકરાં ઉછેરે છે અને તેની ઊનના કામળા બનાવે છે. આ ઉપરાંત બીજા ઉદ્યોગોમાં છાપખાનાં, મજૂરી, વેપાર અને સરકારી કે ખાનગી નોકરી છે.

નિકાસ—દરેક દેશમાં જે જે પેદાશ થાય તેમાંથી તે દેશની જરૂરિયાત કરતાં બીજી વધારાની ચીજો પરદેશ મોકલવામાં આવે છે. એ નિયમ પ્રમાણે કરાચી જિલ્લામાં ઘઉં, તેલીબીઆં, રેશમી લુંગીઓ, રંગીન ચાદરો, ઊનના કામળા, લાકડાં અને મેવો સારા પ્રમાણમાં થતો હોવાથી પરદેશ ચડાવવામાં આવે છે. વેપારનું મુખ્ય મથક કરાચી છે, અને તેનો ખાસ વેપાર અનાજ બહારગામ મોકલવાનો છે. આ બંદરેથી ચોખા, ઊન, તેલીબીઆં, ગાલીચા, સુકોમેવો, કેસર, હીંગ, ઘઉં, હાડકાં અને ચામડાં બહારગામ મોકલમાં આવે છે. કરાચીની **ઇસ્લામીઆ હુન્નરશાળા**ની ચામડાની ચીજો ઠીક વખણાય છે.

આયાતઃ—બીજા દેશોમાંથી જે માલ પોતાના દેશમાં આવે તેને આયાત કહે છે. આ જિલ્લામાં લોઢાનો સામાન, ગ્યાસતેલ, કાચની ચીજો, હાથીદાંતની વસ્તુઓ, ખાંડ, રંગ, પેન્સીલ, ચહા, કાગળ, મસાલા, દવાઓ, રમકડાં, ફટાકડા,

સોનું, રૂપું, પીત્તળ વગેરે ધાતુઓ, સુતરાઉ અને ગરમ કાપડ તથા બીજો ઘણો માલ પરદેશથી અહીં આગબોટમાં તથા આગગાડીમાં આવે છે.

પ્રશ્નો

પેદાશ કેટલા પ્રકારની હોય છે? કરાચી જિલ્લાની ખેતીની પેદાશ બોલો. આ જિલ્લામાં લાખ અને ગુંદર કયાં થાય છે? કેટીબંદર મહાલની નીપજ બોલો. આ જિલ્લામાં કયા કયા ઉદ્યોગો ચાલે છે? ઠઠ્ઠાના લોકોનો ખાસ હુન્નર કયો છે? કરાચી જિલ્લામાંથી કયો કયો માલ પરદેશ મોકલવામાં આવે છે? પરદેશમાંથી કઇ કઇ વસ્તુઓ આ જિલ્લામાં આવે છે?

રાજ્ય વ્યવસ્થા:—આ જિલ્લામાં અંગ્રેજ સરકારનું રાજ્ય છે. અંગ્રેજ સરકારના તાબાના મુલકને **ખાલસા** મુલક-કહે છે. આ જિલ્લો ખાલસા જિલ્લો છે. તેનો વહીવટ કરવા માટે સરકારે નીચે પ્રમાણે અમલદારો નીમ્યા છે.

મુખી અથવા **પોલીસ પટેલ**:—તે ગામનો ઉપરી છે. અને એનું કામ ગામમાં વ્યવસ્થા અને શાંતિ રાખવાનું છે. તે ગામમાં થતા ગુન્હા અટકાવે છે. અને કોઇ ગુન્હો બને તો તે પોલીસ થાણામાં જાહેર કરે છે.

તલાટી:—તે ખેડૂતો પાસેથી મહેસૂલ ઉઘરાવવાનું કામ કરે છે. અને ઊઘરાવેલું મહેસૂલ સરકારી તીજોરીમાં ભરે છે.

તહેસીલદાર:—તલાટીની સાથે મદદમાં રહીને મહેસૂલ ઉઘરાવનાર ગામ આગેવાનને તહેસીલદાર કહે છે. એ હોદ્દો કેટલેક ઠેકાણે વંશપરંપરાનો હોય છે.

મામલતદાર:—એ આખા તાલુકાનો મુખ્ય અધિકારી ગણાય છે. તેનું કામ ગામડાંઓ ઉપર દેખરેખ રાખવાનું હોય છે. તે લોકોના ટંટા બખેડાનો ફેંસલો આપે છે, અને સરકારના હુકમ પ્રમાણે તાલુકાની વ્યવસ્થા રાખે છે. તેને **મુખત્યારકાર** પણ કહે છે.

મહાલકારી:—મહાલના ઉપરીને મહાલકારી કહે છે. તેને મામલતદારના જેટલું જ કામ કરવાનું હોય છે.

આસિસ્ટંટ કલેકટર:—બે કે ત્રણ તાલુકા મળીને સબડિવિઝન બને છે અને તેના ઉપરીને આસિ. કલેકટર કહે છે. તે મામલતદાર તથા મહાલકારીના કામ ઉપર દેખરેખ રાખે છે. અને લોકોના ફોજદારી કામના ચુકાદા આપે છે.

કલેકટર:—આ દરેક અમલદારોના ઉપરી તરીકે આખા જિલ્લાનો મુખ્ય અધિકારી કલેકટર છે. તે મામલતદારો તથા મહાલકારીઓના કામ ઉપર દેખરેખ રાખે છે. સુલેહ અને વ્યવસ્થા જાળવે છે. જિલ્લામાં ગેરવ્યવસ્થા થતી અટકાવે છે. દુઃખના વખતમાં પ્રજાને મદદ કરવાની ગોઠવણ કરે છે, અને કાયદા પ્રમાણે અમલ ચલાવે છે.

કમિશ્નર:—કલેકટરના ઉપરી છે. ઇ. સ. ૧૯૩૬ ના એપ્રિલ માસથી સિંધને મુંબઇ ઇલાકાથી જુદો પાડી એક સ્વતંત્ર પ્રાંત બનાવવામાં આવ્યો છે તેના **ગવર્નર** તરીકે **સર લૅન્સૅાટ ગ્રેહેમ** નિમાયા છે.

કરાચી એક જિલ્લો છે, માટે તના ઉપરી કલેકટર સાહેબ કહેવાય છે અને તેમના હાથ નીચે સબ ડિવિઝનના આસિ. કલેકટરો, તાલુકાના મામલતદારો, અને મહાલના મહાલકારીઓ છે.


સરકારી અને લોકોપયોગી ખાતાં.

જિલ્લાનો વહીવટ સારી રીતે થઇ શકે એટલા માટે સરકારે કેટલાંક ખાતાં ઉઘાડયાં છે.

પોલિસ ખાતું:—લોકોના જાનમાલનું રક્ષણ કરવા માટે જે ખાતું છે તેને પોલીસ ખાતું કહે છે. એના ચાર પ્રકાર હોય છે: (૧) શહેરનું રક્ષણ કરે અને શાંતિ જાળવે તે **શહેર પોલિસ** કહેવાય છે. (૨) ગામડામાં શાંતિ જાળવી ગુન્હા થતા અટકાવે અને ગુન્હેગારોને પકડી શિક્ષા કરાવે તે **ગાંમડાની પોલિસ** કહેવાય છે. (૩) દેશમાં બનતા છાના છૂપા ગુન્હાઓ પકડે તે **છૂપી પોલિસ** કહેવાય છે, અને (૪) રેલવેના ઉતારૂઓનું રક્ષણ કરી ગુન્હેગારોને પકડે તેને **રેલવે પોલિસ** કહેવાય છે. પોલીસના મોટા ઉપરીને **પોલિસ સુપ્રિન્ટેન્ડેન્ટ** કહે છે. તેમના હાથ નીચે જિલ્લાના ભાગ પાડી એક એક **પોલિસ ઇન્સ્પેકટર** નીમવામાં આવે છે અને તેના હાથ નીચે મહાલોમાં તથા તાલુકાઓમાં થાણાઓમાં ઉપરી તરીકે **પોલિસ સબ ઇન્સ્પેકટર** હોય છે.

રેવન્યુખાતું:—જમીન મહેસૂલનું કામ કરનારા ખાતાને રેવન્યુ ખાતું કહે છે. તેના અમલદારો મુખી, તલાટી, મામલતદાર, આસિ. કલેકટર તથા કલેકટર છે.

ન્યાય ખાતું:—જિલ્લામાં ન્યાયને માટે **સેન્શસ કોર્ટ** હોય છે. અને તેના ઉપરીને **સેશન્સ જડજ** કહે છે. તે પૈસાના લેવડ દેવડની (દિવાની) તકરારોનો ન્યાય આપે છે. તેમજ ફોજદારી કામ ચલાવે છે. તેના તાબામાં દિવાની કામ માટે **જિલ્લા સબ જડજો** અને ફોજદારી કામ માટે **માજીસ્ટ્રેટ** હોય છે. કરાચી જિલ્લામાં આ બંને કામને માટે સૌથી ઉપરની સેશન્સ કૉર્ટ કરાચી શહેરમાં છે.




કૉર્ટ : કરાચી

પોસ્ટ અને તારખાતું:—લોકોના ખબર અંતરના કાગળો, પૈસા, પારસલો વગેરે થોડા ખર્ચે એક ગામથી બીજા ગામ પહોંચાડનારા ખાતાને **પોસ્ટ ખાતું** કહે છે. તેના મોટા ઉપરી **પોસ્ટ માસ્તર જનરલ** કહેવાય છે. તેના હાથ નીચે **પોસ્ટલ સુપ્રિન્ટેન્ડેન્ટ** અને સુપ્રિન્ટેન્ડેન્ટના હાથ નીચે **પોસ્ટલ ઈન્સ્પેકટર** હોય છે. પોસ્ટ ઑફિસમાં લોકોનાં નાણાં જમા રાખીને તેનું વ્યાજ આપવામાં આવે છે, તેને **સેવિંગ્સબેંક** કહે છે. મોટાં શહેરોમાં તાર ટેલિગ્રાફની સગવડ હોય છે. વળી પોસ્ટઑફિસોમાં પણ તાર મોકલવાની ગોઠવણ હોય છે.

કેળવણી ખાતું:—બાળકોને શિક્ષણ આપવાનું કામ કરનારા ખાતાને કેળવણી ખાતું કહે છે. એ ખાતાના ઉપરી **એજ્યુકેશનલ ઈન્સ્પેકટર** કહેવાય છે. મોટાં શહેરોની પ્રાથમિક શાળાઓનો વહીવટ મ્યુનિસિપાલિટિ કરે છે. અને ગામડાઓની શાળાઓનો વહીવટ સ્કૂલ-બોર્ડ કરે છે. તેમના નીમેલા અમલદાર **એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર** કહેવાય છે. તેમના હાથ નીચે **સુપરવાઈઝરો** હોય છે. કરાચી જિલ્લાના ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટરની ઑફીસ કરાચી શહેરમાં છે.

બાંધકામ ખાતું :—જિલ્લાના રસ્તાઓ, સડકો, નદી નાળાના પૂલો, કચેરીઓ, કેદખાનાં, દવાખાનાં, સરકારી બંગલાઓ વગેરે બાંધવાનું કામ કરનાર ખાતાને **બાંધકામ ખાતું** કહે છે. તેના ઉપરી **એકઝીક્યુટિવ એંજિનીઅર** કહેવાય છે.



કરાચી મ્યુનિસિપાલિટિનું મકાન

મ્યુનિસિપલ ખાતું :—મોટાં શહેરોમાં આ ખાતું હોય છે. તેને **શહેર સુધરાઈખાતું** પણ કહે છે. તેમાં પ્રજાના ચૂંટેલા તથા સરકારના નીમેલા મેમ્બરો એકઠા મળીને સુધારાનાં કામ કરાવે છે. શહેરના રસ્તાઓ તથા પોળો સાફ રાખવાં, શહેરને ચોકખું પાણી પૂરૂં પાડવું, ગંદકી અટકાવવી, મફત દવાખાનાં ઉઘાડવાં, લોકોને શીતળા ટંકાવવાની સગવડ કરી આપવી, રાત્રે દિવાઓ કરાવવા, પ્રાથમિક નિશાળો સ્થાપવી વગેરે મ્યુનિસિપાલિટિની ફરજો ગણાય છે. આ ખાતાના ખર્ચ માટે લોકો પાસેથી કર ઉઘરાવવામાં આવે છે. કરાચીની આ મ્યુનિસિપાલિટિ નવા એકટમાં આવવાથી હવે **કોરપોરેશન** કહેવાય છે.

લોકલ બોર્ડ ખાતું :—ગામડાના ખેડૂતો પાસેથી **મહેસૂલના** દર રૂપીએ એકથી બે આના પ્રમાણે લોકલફંડ ઉઘરાવીને આ ખાતું ચલાવવામાં આવે છે. તેનો વહીવટ લોકોએ ચૂંટેલા મેમ્બરો અને સરકારે નીમેલા મેમ્બરો મળીને ચલાવે છે. તેને **જિલ્લા બોર્ડ** પણ કહે છે. મ્યુનિસિપાલિટિ અને લોકલ બોર્ડ બન્ને પ્રજાનાં ખાતાં છે.

ઈરીગેશન ખાતું :—આ ખાતું નહેરોથી ખેતરોમાં પાણી પૂરું પાડવાનું કામ કરે છે.

કસ્ટમ ખાતું :—બંદરોમાં પરદેશથી આવતા માલ ઉપર જકાત લેવાનું કામ કરે છે.


આ સિવાય **સુખાકારી ખાતું, આબકારી ખાતું, જંગલ ખાતું, સરવૈ ખાતું, શીતળા ખાતું** વગેરે ખાતાંઓ આ જિલ્લામાં છે. લોકોની પેદાશ ઉપર **ઈન્કમટેક્ષ** (આવક વેરો) લઈને સરકાર એ લોકોપયોગી ખાતાં ચલાવે છે.

પ્રશ્નો

સરકારે જિલ્લાનો વહીવટ કરવા માટે કયા કયા અધિકારીઓ નીમ્યા છે? મામલતદારની અને કલેકટરની શી ફરજો છે? સરકારી ખાતાઓનાં નામ આપો. પોલીસ ખાતાના પ્રકાર બોલો. ન્યાય ખાતું અને કેળવણી ખાતું શું શું કામ કરે? પોષ્ટખાતાથી અને મ્યુનિસિપાલિટિથી પ્રજાને શા શા લાભ થાય છે? ખેતીના ધંધા સાથે કયા કયા ખાતાને સંબંધ છે? પ્રજાએ શા માટે કર–વેરો આપવો જોઈએ? લોકલબોર્ડ એટલે શું? પેદાશ ઉપર કર લેવાય છે તેનું નામ શું?

ઠઠ્ઠા સબડિવિઝન

(૧) કરાચી તાલુકો



સીમાઃ—ઉત્તરે કોહિસ્તાન મહાલ, પૂવે ઠઠ્ઠા તાલુકો, દક્ષિણે મીરપુરસાકરા તાલુકો અને પશ્ચિમે હબ નદી છે.


તપાઓઃ—દરશાનો છન્નો, મંઘોપીર, સોંગલ, મલિર, થાણો, દીગ, ગદાબ, મોઇદાન, લાંઢી અને ગાભાપટ.

નદીઓઃ—સિંધુ, અને હુબ.

બેટઃ—મનોરા, ભાભો, ભીટ. **ભૂશિરઃ**—માંઝ


નઈઓઃ--સકનનઈ, મલીરનઈ, લ્યારીનઈ, હૈદરીવાહનઈ.

શહેરોઃ—**કરાચીઃ** આખા સિંધ પ્રાંતની રાજધાનીનું શહેર છે. પ્રાંતના ઉપરી કમિશ્નર સાહેબ અને જિલ્લાના ઉપરી કલેકટરસાહેબ અહીં રહે છે. આ એક સારામાં સારું બંદર ગણાય છે. આ બંદરને **એશીઆખંડનો દરવાજો** કહે છે. કેમારી બંદર ઉપર આગબોટો અને વહાણોમાં પુષ્કળ માલ પરદેશથી અહીં આવે છે, અને અહીંથી પરદેશ ચઢે છે. વેપારનું આ મુખ્ય મથક છે.



ફ્રીઅર હૉલ-કરાચી

ઘણી યુરોપીઅન પેઢીઓ અહીં વેપાર ચલાવે છે. શહેરમાં મેરીવેધરટાવર, સિંધ કોલેજ, **ફ્રીઅર હૉલ**, સરકારી કચેરીઓ, કોર્ટો, મ્યુનીસિપાલિટિનું મકાન, હાઇસ્કૂલો વગેરે જોવા લાયક છે.



હવાબંદર-કરાચી

મગરપીર:—કરાચીથી ૧૦ માઇલ દૂર છે. અહીં ગરમ પાણીના ઝરણાં છે. રક્તપિત્તના રોગનું દવાખાનું છે. અને બકરી ઇદને દિવસે મેળો ભરાય છે. અહીં મગરો ઘણા છે.

મહારીપુર:—મીઠાના અગરોને માટે જાણીતું છે. કરાચીથી ૬ માઇલ દૂર દરિયા કિનારે છે.


લાંઢી:—ત્યાં સરકારી ખેતરો છે.

મલિર:—અહીંના કૂવાઓમાંથી નળવાટે કરાચીને પાણી પૂરું પાડવામાં આવે છે. અહીં બાગબગીચા ઘણા છે, તેથી ફળફૂલ, શાકભાજી અને બીજો મેવો થાય છે.

ગદાબ:—ઘીના વેપારને માટે જાણીતું છે.

મનોરા:—બેટ છે. ત્યાં લાઇટ હાઉસ (દીવાદાંડી) તથા બ્રેકવૉટર છે. અહીં ચૈત્રી બીજનો મેળો ભરાય છે.

દીગરોડ:—હવાઇ માર્ગનું મથક છે. કરાચીથી પૂર્વમાં ૯ માઇલ ઉપર તે સ્ટેશન છે. ત્યાં લશ્કરની છાવણી છે. થોડા જ



ક્રૉફર્ડ માર્કેટ

વખતમાં સારા બંગલાઓ, રસ્તાઓ વગેરેથી મોટું શહેર બન્યું

છે. વિમાનોને ઉતારવા તથા ચલાવવા માટે લોઢાનો એક મોટો **એરોડ્રોમ** બાંધેલો છે.

હવાબંદર:—હવાખાવાનું સ્થળ છે. યુરોપિયનોના તથા પૈસાદાર લોકોના બંગલાઓ છે. અહીં શિવરાત્રીનો મેળો ભરાય છે. આ ઠેકાણે દરિયા કિનારો રેતાળ છે; તેથી માણસો દરિયામાં નાહે છે. કોઠારીબ્રિજ અને બેન્ડસ્ટેન્ડ વગેરે જગ્યાઓ ઘણી સુંદર છે.

પેદાશ:—કેળાં, શાકભાજી, ખારેક, જુવાર, બાજરી, મેવો, મીઠું વગેરે.

---

(૨) ઠઠ્ઠા તાલુકો

સીમા:—ઉત્તરે કોટ્રી તાલુકો, દક્ષિણે મીરપુરસાકરા તથા ઘોડાબારી તાલુકો, પૂર્વે સિંધુ નદી અને પશ્ચિમે કોહિસ્તાન મહાલ તથા કરાચી તાલુકો છે.

નદી:—સિંધુ. **નહેરો**:—કલરી ને ભગાર.

સરોવર:—હાલોજી, કંજોરી, સોનારી ને કલ્લાકોટ.

તપાઓ:—સોંઢા, ખુંદાયું, ચિંલીયા, ખખ્ખરહાલા, જુંગશાહી, ઠઠ્ઠા, ટાંકા અને આબાદ.

શાહેરો:—**ઠઠ્ઠા**—સિંધ પ્રાંતની જૂની રાજધાનીનું શહેર રંગની દાબલીઓ, લુંગીઓ, ફૂલનાઅર્ક, સરબતો વગેરેને માટે પ્રખ્યાત છે. અહીં દિલ્હીના શાહજહાં બાદશાહે બંધાવેલી ૧૦૦ ઘુમટવાળી જુમામસ્જીદ છે. અહીં ગુલાબના છોડના બગીચા છે. ઠઠ્ઠાનું ગુલાબનું શરબત સારું વખણાય છે. અહીં તાલુકાના ઉપરી મુખત્યારકાર રહે છે. **ઝરખ**—હવા ખાવાનું ઠેકાણું છે. ક્ષયના દર્દીઓને ત્યાંના સેનિટોરીયમમાં રાખવાની સગવડ છે. અહીં બુધ્ધના વખતનાં ખંડેરો છે. **કલ્લાકોટ**;-ઠઠ્ઠાની બાજુમાં એજ નામના સરોવરની

પાસે આવેલું છે. તેમાં લૂગડાં રંગવાનું કામ સારું થાય છે. ચાદરો, ચોરસાઓ વગેરે રંગીને બીજે મોકલવામાં આવે છે. અહીં હાથવણાટથી લુંગીઓ સારી બને છે. આ શહેરની તથા ઠઠ્ઠાની આસપાસની જમીન ખેતીને માટે સારી હોવાથી શાકભાજી, ફળફૂલ તથા બગીચાઓ પુષ્કળ કરવામાં આવે છે. **મકલી ટેકરી** ઉપર સવા લાખ પીરોની કબરો છે, તેમાંની મીરઝાં ઇશાકની રાંક જોવા લાયક છે.

જુંગશાઇ:- રેલવે સ્ટેશન છે. ને ત્યાંથી ઠઠ્ઠા જવાની પાકી સડક છે. **જંપિર**:- સ્ટેશન છે. તેની પાસે પહાડમાંથી પાણીનાં ઝરણ વહે છે. આ શહેરમાં ચુનાની ભઠ્ઠી છે તથા હેમેશ્વર મહાદેવનું દહેરૂં છે. આ સિવાય **સોઢા** અને **હેલાયુ** જાણીતાં શહેરો છે.

પેદાશ :-રાતા ચોખા, ઘઉં, તેલીબીઆં, શાકભાજી, મેવો.

---

(૩) મીરપુર સાકરા તાલુકો.

સીમા;—ઉત્તરે કરાચી તાલુકો, પૂર્વે ઠઠ્ઠા તાલુકો, દક્ષિણે ઘોડાબારી તાલુકો અને પશ્ચિમે અરબી સમુદ્ર.

તપાઓ :—મીરપુર સાકરો, રામદેવ, ગાડો, હાજી ઘરાણો, ખૈરપુર, ગુજો, બુહારા, સુખપુર, ગુલામલા અને કરમપુર.

નહેરો :—કલરી અને ભગાર.

શહેરો :—**મીરપુરસાકરા** : તાલુકાનું મુખ્ય શહેર છે. મુખત્યારકારની કચેરી, તપેદારની ઑફિસ વગેરે છે.

ભંભોર :—(દેવળ બંદર) દાભોચી સ્ટેશનથી છ માઇલ દૂર ઘણું જૂનું શહેર છે. અહીંથી દશ માઇલ દૂર શેખ હાજી તુરાબીની કબર છે. મહમદબીન કાસીમે આ શહેર ઉપર હલ્લો કર્યો હતો. તેમાં કબીર ભગતનું રહેઠાણ હતું. **ગુલામલા** :--શેરડીના

પાકને માટે જાણીતું છે. **ગાડો** —દાબેચી સ્ટેશનથી ચાર ગાઉ છે. **કકરાડ** :—તેમાં શેતરંજીઓ સારી બને છે.

પેદાશ :—દરિયા કિનારાનો પ્રદેશ ખારને લીધે પડતર રહે છે. ઇશાન તરફ શેરડી, કેળાં, રાતા ચોખા તથા લીલો મેવો થાય છે.

---

(૪) ઘોડાબારી તાલુકો.

સીમા :—ઉત્તરે ઠઠ્ઠા અને મીરપુરસાકરા, પૂર્વે સિંધુ નદી, દક્ષિણે તથા પશ્ચિમે અરબી સમુદ્ર.

તપાઓ :—ગલીલ, ખાણુ, કોટ્રીઅલારખ્યો, મહર, ગારહો, અને બેલી.

નહેરો :—નસીરવાહ, ઓચતો, હેદરી. **નદી** :—સિંધુ

શહેરો :—**કોટ્રીઅલારખ્યો** : તાલુકાનું મુખ્ય શહેર છે. તેમાં મુખત્યારકારની ઑફિસ તથા પોષ્ટ ઑફિસ છે.

પીરપઠો :—મુસલમાનોનું જાત્રાનું સ્થળ છે. ત્યાં પીરની જગ્યા છે. દર વર્ષે મેળો ભરાય છે.

પેદાશ :—આ ભાગની જમીન **લાડ** નામથી ઓળખાય છે. ત્યાં હવા ભેજવાળી હોવાથી ધોળા ચોખા થતા નથી; પણ રાતા ચોખા પુષ્કળ થાય છે.

---

(૫) કેટી બંદર મહાલ

સીમા :—ઉત્તરે ઘોડાબારી તાલુકો, પૂર્વે સિંધુ નદી અને દક્ષિણે તથા પશ્ચિમે અરબી સમુદ્ર.

તપાઓ—કેટીબંદર, મનોરા, ઘોડાબારી અને ખીરસર.

નહેરો :—ઓચતો અને કલંદરીફાટ.

શહેરો :—**કેટીબંદર** :—એમાં મહાલકારીની કચેરી છે. તેમ જ મ્યુનિસિપાલિટિ, હોસ્પિટલ, કસ્ટમ ઑફિસ, પોલીસથાણું વગેરે છે. **ખલીફા** :—ઘાસના વેપારને માટે નામીચું બંદર છે.

પેદાશ :—રાતા ચોખા, નાળીએર, ઘાસ **અને** લાકડાં.

પ્રશ્નો

કરાચીથી ઠઠ્ઠા કયે રસ્તે જવાશે? ઘોડાબારી પાસે પાણીનાં વમળ થાય છે તેનું શું કારણ હશે? ઠઠ્ઠાસબડિવિઝનનાં રેલવે સ્ટેશનો બોલો. આ ડિવિઝનમાં રાતા ચોખા, કોલસા, ફળાં અને લાકડાં ક્યાંથી મળશે? દીગરોડ, જંપીર, કલાકોટ, ભંખોર, પીરપઠો અને અને કેટીબંદર શાને માટે પ્રખ્યાત છે?

શાહબંદર સબડિવિઝન

(૧) મીરપુરભઠોરા તાલુકો.


સીમા :—ઉત્તરે સિંધુ નદી, પૂર્વે ગુની તાલુકો, દક્ષિણે જાતિ અને સુજાવલ તાલુકો અને પશ્ચિમે સુજાવલ તાલુકો તથા સિંધુ નદી.

તપાઓ :—આટલશાહ, બનુ, લાયકપુર, મંગીલ-ઘોગોગો, ધરો, અરારો, મીરપુરભઠોરા, જહોક, જુણેજાણી, ઢામરી, આમરા, મોજરી.

નહેરો—પીંજારી, ગંજબખ્ખર, ફતેવાહા અને મહમુદોવાહા.

નદી—સિંધુ.

શહેરો—મીરપુરભઠોરા :—તાલુકાનું મુખ્ય શહેર છે. તેમાં મુખત્યારકાર રહે છે. આ શહેર ફતેહવાહા નહેર ઉપર છે. તેમાં સંઘાડાઓ લક્કડકામ સારું કરે છે. તેમ જ રંગનું કામ પણ સારું કરે છે. અહીં ચોખા સાફ કરવાનું કારખાનું છે. **જહોક :**—તેમાં સફરમાસમાં શાહઅનાયત અલીસુફીનો મેળો ભરાય છે. **બનુ, દરો** તથા **લાયકપુર** પીંઢારી નહેર ઉપર છે. **શાહકપુરમાં** અમીરપીરનો મેળો ભરાય છે.



કર્ઝન પૂલ*

પેદાશઃ—રાતા અને સફેદ ચોખા, ઘઉં તથા શેરડી.

કારીગરીઃ—આ તાલુકામાં લાકડાનાં રમકડાં, પારણાં, દાબલીઓ વગેરે બહુ સુંદર થાય છે.

---

(૨) સુજાવલ તાલુકો

સીમાઃ—ઉત્તરે મીરપુરભઠોરા તાલુકો અને સિંધુ નદી, પૂર્વે મીરપુરભઠોરા તાલુકો, દક્ષિણે જાતિ તાલુકો અને પશ્ચિમે સિંધુ નદી છે.

તપાઓઃ—રાંટા, લઘાખો, મુરાધપુર, પિનિલઘો, બેલો, મીરાનપુર, સુજાવલ, વલ્હર, મીરઝાંલગારી, ગુલબહેર, ખારીયું અને ધાર.

---

* સિંધુ ઉપરનો આ પૂલ કરાચી જિલ્લામાંથી મારવાડ, ગુજરાત અને કાઠીઆવાડમાં આવવાનું એક સાધન છે. અને તે જિલ્લાની હદ ઉપર કોટ્રી તાલુકા સાથે જોડાય છે.

નહેરો:—પીંજારી અને મહમુદોવાહા. **નદી**:—સિંધુ.

શહેરો:—**સુજાવલ**:—તેમાં ડાંગરમાંથી ચોખા છૂટા પાડવાનાં કારખાનાં છે. મુખત્યારકારની કચેરી તથા પોષ્ટ ઑફિસ છે. **બેલો**:- ઠઠ્ઠાની સામે છે. ઠઠ્ઠાથી ચતણુ થઇ સિંધુ નદીમાં હોડીમાં બેસી જવાય છે. **સૈયદપુર**, **કોટઆલમત** અને **સુખપુર** જાણીતાં શહેરો છે.

પેદાશ:—સફેદ ચોખા, શેરડી અને ઘઉં.

આ તાલુકામાં નાનું જંગલ છે અને તેમાં જે ગામડાં આવેલાં છે તેને **બેલો** કહે છે. તે ગામોમાં મજુરોની વસ્તી છે. એ મજુરો જંગલમાં લાકડાં કાપવાનો ધંધો કરે છે. તેમજ કેટલાક વહાણો ચલાવવાનું કામ પણ કરે છે.

---

(૩) જાતિ તાલુકો.

સીમા:—ઉત્તરે સુજાવલ, મીરપુરભઠોરા અને ગુની તાલુકો; પૂર્વે બદીના તાલુકો તથા કચ્છનું રણ, દક્ષિણે અરબી સમુદ્ર અને પશ્ચિમે શાહબંદર તાલુકો છે.

તપાઓ:—મનારકી, બહાદ્રીપુર, કોઠી, મરહો, બુલાખાન, દોજો, ઠંગો, શિરગંઢા, મુગલભીમ, શાહકપુર અને મુલાન. **નહેરો**—ગુંગડો, ગાદાબ ને મીરઝાંવાહા.

શહેરો:—**મુગલભીમ**: જાતિ તાલુકાનું મુખ્ય શહેર છે. તેમાં મુખત્યારકારની કચેરી છે. દર વર્ષે ફાગણ માસમાં અહીં મેળો ભરાય છે. મુગલ અને ભીમ નામના બાપ દીકરાના મરણની જગાની યાદગીરી માટે આ શહેરનું નામ મુગલભીમ પડયું છે. કચ્છમાં આવેલા નારાયણસરની યાત્રાએ જનાર તીર્થવાસીઓને આ શહેર રસ્તામાં આવે છે. **જાતિ**: ઊનના કામળાને માટે પ્રખ્યાત છે. **શિરગંઢામાં** મીઠું પકાવે છે.

પેદાશ:—આ તાલુકાનો ઘણોખરો ભાગ ઉજડ છે. પૂર્વમાં

રણુ અને દક્ષિણુમાં ડુંગરીઓ હોવાથી ખેડવા જમીન થોડી છે. એ જમીનમાં જુવાર તથા બાજરી થાય છે.

---

(૪) શાહબંદર તાલુકો.

સીમા:—ઉત્તરે સિંધુ નદી તથા જાતિ તાલુકો, પૂર્વે જાતિ તાલુકો, દક્ષિણે અરબી સમુદ્ર અને પશ્ચિમે સિંધુ નદી છે.

તપાઓ:—બાબીહો, ભાગાણુ, મંગસી, શાહબંદર, ગુંગાણી ચહુરજમાલી, જુંગો, જાભાણી, લાંડીઉં, અને છછ્જાનખાન.

નહેરો:—કોરીખાડી, પીંજારી, મલ્હ, મુટની, સત્તા અને ખાંટો.

શહેરો—શાહબંદર : તેમાં પહેલાં મીરોનાં પંદર વહાણો રહેતાં હતાં તેથી તેનું નામ શાહબંદર પડયું છે. **લાંડીઉં** :-આ તાલુકાનું મુખ્ય શહેર છે. તેમાં મુખત્યારકારની ઑફિસ છે. ચૈત્ર મહિનામાં અહીં શાહ ચકીકનો મેળો ભરાય છે. **ચહુરજમાલી**-જાણીતું ગામ છે.

પ્રશ્નો


શાહબંદર ડિવિઝનમાં મેળાઓ કયાં ભરાય છે? સુજાવલ તાલુકાની પેદાશ બોલો. જાતિ તાલુકામાં ઓછી વસ્તી હોવાનું કારણ શું? મુગલભીમથી સુજાવલ જવું હોય તો કયે રસ્તે જવાશે? શિરગંઢા, લાંડીઉં, મીરપુરભઠોરા અને શાહબંદર શાને માટે પ્રખ્યાત છે? આ ડિવિઝનમાંથી રાતા ચોખા, નાળીએર, બાજરી અને ઊનના કામળા કયાંથી લેશો?

સિંધ પ્રાંતનું સામાન્ય વર્ણન

આપણો કરાચી જિલ્લો જે પ્રાંતમાં આવેલો છે, તે પ્રાંતને સિંધ પ્રાંત કહે છે. **સિંધ પ્રાંતનું નામ સિંધુ નદી ઉપરથી પડયું છે.** ઘણા જિલ્લા મળવાથી પ્રાંત થાય છે. સિંધના ઉપરીને ગવર્નર કહે છે. હાલના ગવર્નર **સર લેન્સ્લોટ ગ્રેહેમ છે.**

સિંધ પ્રાંત હમણાં સુધી મુંબઇ ઈલાકાનો છેક ઉત્તરનો ભાગ હતો, તે હવે એ ઈલાકાના બીજા ભાગોથી જુદો પડવાને લીધે **સ્વતંત્ર ઇલાકો** બન્યો છે.

સીમા—સિંધની ઉત્તરે બલુચિસ્તાન અને પંજાબ, પશ્ચિમે બલુચિસ્તાન, દક્ષિણે કચ્છનું રણ અને અરબી સમુદ્ર, તથા પૂર્વે રજપૂતાનાનું રણ છે.



રાજકીય વિભાગ—આજથી ૯૦ વરસ પહેલાં આ પ્રાંત ગ્રેજ સરકારે જીતી લીધો છે. અહીં પહેલાં મીરોનું રાજ્ય હતું. ι દેશ અંગ્રેજ સરકારના હાથમાં આવ્યા પછી તેની વ્યવસ્થા રાબર ચાલી શકે માટે તેના નીચે પ્રમાણે જિલ્લાઓ ઠરાવી દરેક ઉપર અમલદારો નીમ્યા છે.

જિલ્લા:	મુખ્ય શહેર	અધિકારી:
ι) કરાચીજિલ્લો	**કરાચી**	**કલેકટર સાહેબ**
:) દાદુ જિલ્લો	**દાદુ**	,,
ɜ) લાડકાણા જિલ્લો	**લાડકાણા**	,,
ડ) સખ્ખર જિલ્લો	**સખ્ખર**	,,
૫) ઉત્તર સરહદ જિલ્લો:	**જેકોબાબાદ**	**ડેપ્યુટી કમિશ્નર સાહેબ**
:) નવાબશાહ જલ્લો:	**નવાબશાહ**	**કલેકટર સાહેબ**
૭) હૈદ્રાબાદ જિલ્લો :	**હૈદ્રાબાદ**	,,
:) થરપારકર જિલ્લો:	**મીરપુરખાસ**	,,

દેશીરાજ્ય.

ખૈરપુર સંસ્થાન	**ખૈરપુર**	**મીરસાહેબ**

જે વિભાગ દેશીરાજાના તાબામાં હોય તે **દેશીરાજ્ય** કેવાય. સિંધ પ્રાંતમાં ખૈરપુર એક દેશી રાજ્ય છે. ત્યાંના જ્યકતા **મીરસાહેબ** કહેવાય છે. એ રાજ્ય ઉપર દેખરેખ ખનારા અંગ્રેજી અધિકારીને **પોલીટીકલ એજંટ** કહે છે. ખ્ખર જિલ્લાના કલેકટર ખૈરપુરના પોલીટીકલ એજંટ ગણાય છે.

કુદરતી વિભાગ :—સિંધ પ્રાંતનો નકશો જોવાથી તમને ણાશે કે તેના કુદરતી વિભાગ ત્રણ થઇ શકે છે. (૧) પશ્ચિમનો ગરી પ્રદેશ. (૨) મધ્યનો રસાળ પ્રદેશ અને (૩) પૂર્વનો રેતાળ દેશ. ઉત્તરના ભાગમાં પહાડની ટેકરીઓ છે. વચ્ચેનો ભાગ દી અને નહેરોથી ગુંથાએલો છે, અને પૂર્વમાં થરનું મોટું


ાણુ છે. ડુંગરી પ્રદેશમાં ઘાસ પુષ્કળ ઉગે છે, તેથી લોકો ત્યાં ઢોર ચરાવે છે. દક્ષિણનો ભાગ નીચાણવાળો છે. અને દરિયા કિનારાનો ભાગ ખારવાળો છે.

નદીઓ તથા નહેરો—આ પ્રાંતમાં મોટામાં મોટી નદી સિંધુ નદી છે. તેને નદ પણ કહે છે. એ નદીમાંથી નીકળતા **પૂર્વનાળો** તથા **પશ્ચિમનાળો; ફુલેલી, નવલખી, જમરાઉ, મીઠરાઉ, બેગારી, ગુગડો, પીંજરી** વગેરે નહેરોથી સિંધની ખેતીને પુષ્કળ લાભ મળે છે. સિંધમાં વરસાદ બહુજ ઓછો પડે છે, છતાં નહેરોની સગવડ હોવાથી ખેતીવાડી સારી થાય છે. સિંધુમાંથી કુદરતી રીતે નીકળેલો **પૂર્વનાળો** સખ્ખર પાસેથી શરૂ થઇ ખૈરપુરના રાજ્યમાં જાય છે; અને ત્યાંથી થરપારકરમાં વહી **મખીની** સરોવરમાં મળે છે. **પશ્ચિમનાળો** લાડકાણા જિલ્લામાં વહી **મંચ્છર** સરોવરમાં પડે છે, અને ત્યાંથી **અરલ** નહેર વાટે સિંધુને મળે છે. સિંધુમાંથી ઘણી નહેરો ખોદાવવામાં આવી છે; છતાં તેનું પાણી સમુદ્રમાં જતું રહે છે, એટલે એ પાણીને વાળીને ખેતીના ઉપયોગમાં લેવા માટે સખ્ખર આગળ **સકકરબેરેજ** બાંધવામાં આવ્યો છે.

વનસ્પતિ અને ખેતીવાડી :—સિંધમાં વરસાદ છેક થોડો એટલે ૮ **ઈંચ** થાય છે; પણ સિંધુ નદી અને તેની નહેરોને લીધે કિનારાઓનો પ્રદેશ રસાળ તથા ફળદ્રુપ છે. આ પ્રાંતના **કરાચી** જિલ્લામાં જુવાર, બાજરી, લાલ તથા ધોળા ચોખા, શેરડી, મકાઇ, લીલોમેવો, શાકભાજી તથા ઘાસચારો થાય છે. **લારખાના** જિલ્લામાં ઘઉં તથા ધોળા ચોખા નીપજે છે. **ઉત્તરસરહદ** જિલ્લામાં તેલીબીઆં ને ચણા થાય છે. **સક્કર** જિલ્લામાં ઘઉં, ચણા તથા તેલીબીઆં પાકે છે. **નવાબશાહ** જિલ્લામાં ઘઉં, કઠોળ, બાજરી તથા ચોખાનો પાક થાય છે. **હૈદ્રાબાદ** જિલ્લામાં કઠોળ તથા

બાજરી પાકે છે, અને **થરપારકર** જિલ્લામાં બાજરી, મગ તથા ઘાસચારો થાય છે. સિંધમાં ઉંચી જાતનું રૂ પણ થાય છે.

વસ્તી, ભાષા, અને ધર્મ—સિંધમાં વસ્તીનો પોણો




એમ્પ્રેસ માર્કેટ-કરાચી

ભાગ મુસલમાન છે. સિંધના જુના રહીશો સિંધી કહેવાય છે. આ પ્રાંતમાં બલુચિસ્તાનથી બલુચ લોકો, અફગાનિસ્તાનમાંથી પઠાણો, મકરાણથી મકરાણીઓ, મારવાડથી થરી લોકો, કચ્છથી કચ્છીઓ અને ગુજરાતમાંથી ગુજરાતીઓ આવીને વસેલા છે. તેમની ભાષાઓ સિંધિ, પંજાબી, બલુચી મકરાણી, મારવાડી, મરાઠી, હિંદી, કચ્છી અને ગુજરાતી છે. આ પ્રાંતની સામાન્ય ભાષા અંગ્રેજી ગણીએ તો ચાલે: આ પ્રાંતમાં જેમ જુદા જુદા લોકો અને જુદી જુદી ભાષાઓ છે, તેમ તેમના ધર્મો પણ જુદા જુદા છે. હિન્દુ, ઇસ્લામ, જૈન, ખ્રિસ્તિ અને જરથુસ્ત એ મુખ્ય ધર્મો છે. સિંધના હિન્દુઓ મુસલમાનોના જેવો પોશાક પહેરે છે. દક્ષિણીઓ અને ગુજરાતીઓ પોતપોતાના દેશની ભાષા, પહેરવેશ, ધર્મ અને રીતરિવાજ રાખે છે.

આબોહવા—વરસાદ થોડો પડવાથી હવા સુકી છે. રણના પ્રદેશમાં ઉનાળામાં રેતી તપે છે અને ગરમી વધારે દાખવે છે. તેવીજ રીતે શિઆળામાં ટાઢ પણ ઘણી પડે છે. ઉત્તરના ભાગમાં અતિશય તાપ પડે છે. ટેકરીઓ ઉપરની હવા સારી છે.

હુન્નર ઉદ્યોગ અને વેપાર:—સિંધના જે ભાગમાં ખેતી થાય છે, ત્યાંના લોકોનો મુખ્ય ઉદ્યોગ ખેતી છે પણ બીજા લોકો જુદા જુદા હુન્નર ઉદ્યોગથી પોતાનું ગુજરાન ચલાવે છે ઠઠ્ઠામાં સુસીઓ તથા લુંગીઓ વણવાનું કામ ચાલે છે. હૈદ્રાબાદમાં જરીકામનો હુન્નર મુખ્ય છે. હાલામાં માટીના વાસણો તથા લાકડાં ઉપરની કારીગરી સારી થાય છે. શિકારપુરમાં ચામડાની જણસો અને શેતરંજીઓ બને છે. નસરપુરમાં વણાટી કામ સારૂં થાય છે. ગુની તાલુકામાં ઊનની શેતરંજીઓ અને કામળા બને છે. લાડકાણા જિલ્લામાં પીત્તળનાં વસાણો સારાં બને છે. થરપાકર જિલ્લાના ઊનના કામળાઓ

ખૂબ વખણાય છે. સિંધ પ્રાંતનું વેપારનું ખરૂં મથક કરાચી છે. આ બંદરેથી રૂ, ઉન, અનાજ, તેલીબીઆં, ચામડાં તથા લાકડાં બહારના મુલકમાં જાય છે. આ પ્રાંતમાં એન. ડબલ્યુ. રેલવે છે, તેના એક છેડા ઉપરનું મુખ્ય સ્ટેશન કરાચી છે. તેનાથી પંજાબ તથા મારવાડનો વેપાર ચાલે છે અને દરિયા માર્ગે દૂરના મુલકોમાં માલની આવ–જા થાય છે.



કરાચી સ્ટેશન

સિંધ પ્રાંતનાં જાણીતાં સ્થળો

કરાચી જિલ્લો—કરાચી : સિંધની રાજધાનીનું મુખ્ય શહેર તથા બંદર છે. **ઠઠ્ઠા** : સિંધનું જુનું રાજધાનીનું નગર છે. **ઝરખ** : હવા ખાવાનું ઠેકાણું છે. **મગરપીરમાં** મગરો ઘણા છે. **મહારીપુરમાં** મીઠું પાકે છે. **જાતિ** : ઊનના કામળાને માટે જાણીતું છે. **કેટી બંદર** : ઘાસ તથા લાકડાંના વેપારને માટે નામીચું છે. **સુજાવલમાં** ડાંગર ખાંડવાનાં કારખાનાં છે.



નામદાર સાતમા એડવર્ડનું બાવલું : કરાચી

દાદુ જિલ્લો :—લારખાના અને **કરાચી** જિલ્લામાંથી થોડો થોડો ભાગ લઇ હાલમાં આ જિલ્લો નવો બનાવવામાં આવ્યો છે. મુખ્ય શહેર **દાદુ** છે. એ **દાદુશા સૈયદે** વસાવેલું.

લારખાના જિલ્લો :—લારખાના : અનાજના વેપારનું સ્થળ છે. **સેવાન:** જુનું શહેર છે. ત્યાં સિંકદરના વખતનો બંધાયેલો કિલ્લો છે. **કંબર** : ડાંગરના પાકને માટે પ્રખ્યાત છે.

ઉત્તર સરહદ જિલ્લો :—જેકોબાબાદ : તેનું જુનું નામ **ખાનગઢ** હતું. પણ **જેકબ** સાહેબના નામ ઉપરથી આ નામ પડ્યું છે. ત્યાં ઉનાળામાં તાપ બહુ પડે છે.

સખ્ખર જિલ્લો :—સખ્ખર : સિંધુના જમણા કિનારા ઉપર છે. તેના નજીક સિંધુમાં **બખ્ખર** નામે બેટ છે. **સખ્ખરથી** બખ્ખરબેટમાં જવા માટે નદી ઉપર **લેન્સડાઉનબ્રિજ** બાંધેલો છે. ત્યાં મોસમશાહનો મિનારો અને આદમશાહ કલ્હોરાની કબર છે. **શિકારપુર** :—દાઉદપોત્રાએ વસાવેલા આ જુના શહેરમાં ભરતકામ સારું થાય છે.

નવાબશાહ જિલ્લો—કંડીઆરો : જહાંગીરના વખતમાં વસેલું શહેર છે. **નવાબશાહ** : હાલ જિલ્લાનું મુખ્ય શહેર છે.

હૈદ્રાબાદ જિલ્લો :—હૈદ્રાબાદ : જુના વખતનું શહેર છે. તેને અસલ **નેરૂનકોટ** કહેતા. ગુલામશાહ કલ્હોરાએ તે વસાવ્યું હતું. સિંધના કેટલાક પ્રખ્યાત થઇ ગએલા મીરોની ત્યાં કબરો છે. **હાલમાં** માટીના ઢોળ ચઢાવેલાં વસાણો સારાં થાય છે. **ઉંદેરોલાલ** : પવિત્ર પીરની જગાને માટે જાણીતું છે. **મીઆણીમાં** મીરો અને અંગ્રેજો વચ્ચે લડાઇ થઇ હતી.

થરપારકર જિલ્લો:-મીરપુરખાસ: એ જિલ્લાનું મુખ્ય શહેર છે. અસલ તે મીરોની રાજધાની હતું, તેની પાસે બુદ્ધના સ્તુપનાં ખંડેરો છે. **ઉમરકોટમાં** અકબર બાદશાહનો જન્મ થયો હતો. એ શહેર ઉમરસુમરાએ વસાવ્યું હતું. **નગરપારકર** તેમાં કપડાં રંગવાનું કામ સારું થાય છે, ત્યાં ઊન, અનાજ, ઘી વગેરેનો વેપાર ચાલે છે.



વ્યાખ્યાઓ

જમીન મોટા ભાગને **ખંડ** કહે છે.

પાણીના મોટા જથાને **મહાસાગર** કહે છે.

ખંડના નાના ભાગને **દેશ** કહે છે. મહાસાગરના નાના ભાગને **દરીઓ, કે સમુદ્ર** કહે છે. થોડી વસ્તીવાળા ઘરના જુથને **ગામ*** કહે છે. ઘણાં ગામો મળીને એક **તપો** બને છે. એક અથવા વધારે તપા ભેગા થવાથી **તાલુકો** થાય છે. તાલુકાથી નાના ભાગને **મહાલ** કહે છે. બે કે વધારે તાલુકા મળીને **સબડિવિઝન** બને છે

બે કે વધારે તાલુકા મળીને એક **જિલ્લો** થાય છે.

કેટલાક જિલ્લા મળીને એક **ઇલાકો** થાય છે.

સમુદ્રનું પાણી સાંકડી અણી થઇ જમીનમાં ગએલું હોય તેને **અખાત** કહે છે.

પહોળા મોઢાના અખાતને **ઉપસાગર** કહે છે.

સમુદ્રના બે મોટા ભાગને જોડનારા પાણીના સાંકડા ભાગને **સામુદ્રધુની** કહે છે.

જમીનના બે મોટા ભાગને જોડનાર જમીનના સાંકડા ભાગને **સંયોગીભૂમિ** કહે છે.

જમીનની અણી લાંબી થઇને સમુદ્રમાં ગએલી હોય તેને **ભૂશિર** કહે છે.

ત્રણ બાજુ પાણી અને એક બાજુ જમીન સાથે જોડાએલા ભાગને **દ્વીપકલ્પ** કહે છે.

ચારે તરફ જમીન અને વચ્ચે પાણી હોય તેને **સરોવર** કહે છે. સરોવર નાનું હોય તે **તળાવ** કહેવાય છે.

ચારે બાજુ પાણી અને વચ્ચે જમીન હોય તેને **બેટ** કે **દ્વીપ** કહે છે. (સરોવરથી ઉલટો બેટ છે.)

જમીનના ઉપસેલા ભાગને **ટેકરી** કહે છે. ટેકરીઓ વધીને મોટી થઇ હોય તેને **ડુંગર** કહે છે. ડુંગરાઓ વધીને મોટા થયા હોય તેને **પર્વત** અથવા **પહાડ** કહે છે. ઝાડપાન વગરના

---

* સિંધનાં ગામડાંને ગોઠ કહે છે.

પહાડને **બોડા પહાડ** કહે છે. પર્વતની ટોચને **શિખર** કહે છે. બે પર્વતની વચ્ચેની સાંકડી ઊંડી જમીનને **ખીણ** કહે છે. જે **પર્વત**ને મથાળે ધુમાડો નીકળતો હોય અથવા કાયમ ગરમ રસ વહેતો હોય તેને **જ્વાળામુખી** પર્વત કહે છે.

ટેકરીવાળા ભાગને **કોહીસ્તાન** કહે છે.

જે જમીનમાં ઝાડ કે પાણી ન હોય પણ માત્ર રેતીજ હોય હોય તેને **રણ** કહે છે. રણમાં કોઇ જગ્યાએ ઝાડ કે પાણી મળી આવે તે જગા **રણદ્વીપ** કહેવાય છે.

પર્વત કે ડુંગરમાંથી પાણીનો પ્રવાહ ઢળતી જગામાં વહે તેને **નદી** કહે છે. જે જગાએથી નદી નીકળે તે નદીનું **મુળ** કહેવાય છે અને જે ઠેકાણે નદી સમુદ્રને મળે તેને નદીનું **મુખ** કહે છે. બે નદીઓ જ્યાં એકઠી થાય તે **સંગમ** કહેવાય છે. નદીનો પ્રવાહ બીજે રસ્તે વાળીને લઈ જવામાં આવે તેને **નહેર** કહે છે.

નદીના મુખ આગળ કાંપથી રસાળ થએલી ત્રિકોણાકાર જમીનને **ડેલ્ટા** કહે છે. બે નદીની વચ્ચેના ભાગને **દોઆબ** કહે છે. નદીનું પાણી ઉંચા ખડક ઉપરથી નીચે પડે તેને **ધોધ** કહે છે.

હવામાંની વરાળ રાત્રે ઠંડી પડી પાણીનાં ટીપાં બંધાઇ જઇને જમીન ઉપર ભીનાશ કરે છે તેને **ઝાકળ** કહે છે.

આગગાડી જ્યાં ઉભી રહેતી હોય અને માલ તથા માણસો ચઢતાં- ઉતરતાં હોય તેને **સ્ટેશન** કહે છે.

જ્યાં બે અથવા વધારે રેલ્વે લાઇનો ભેગી થતી હોય તેવા મોટા સ્ટેશનને **જંકશન** કહે છે.

જે શહેર દરિયાકાંઠે હોય અને જ્યાં આગબોટમાં માણસો તથા માલ-ચઢતાં-ઉતરતાં હોય તેને **બંદર** કહે છે.

મુદ્રક : મનુભાઈ અમૃતલાલ શેઠ, સ્વાધીન મુદ્રણાલય : રાણપુર.